॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-પ
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ ભય મેં ફેંકી દીધો છે ॥

એક પ્રસિદ્ધ વાર્તા છે-બે સાધુની. બંને એક રાતે નિર્જન જંગલમાં પસાર થઈ રહ્યા હતા. ચોતરફ અંધારું ને બધું સૂમસામ. એક સાધુએ બીજા સાધુને પૂછ્યું; 'કંઈ ભય જેવું તો આગળ નહિ હોય ને ?' બીજાએ કહ્યું; 'સંન્યાસીને ભય કેવો ?' તમે તમારી આ ઝોળી મને આપો અને આ સરોવરના જળથી નિરાંતે તમારી તરસ છીપાવો. પછી જેવી ઝોળી પોતાના હાથમાં આવી કે એણે ઝોળીમાં છૂપાવેલી સોનાની ઈંટ દૂર ફેંકી દીધી. એની જગ્યાએ એક વજનદાર પથ્થર મૂકી દીધો. ત્યાં ઘોડાના ડાબલા સંભળાયા. પેલા ઝોળીવાળા સાધુ દોડતા આવ્યા ને પૂછવા લાગ્યા; 'કંઈ ભય જેવું નથી ને ?' પેલાએ કહ્યું; 'ભય મેં ફેંકી દીધો છે. તમે નિર્ભય થઈ જાઓ' પછી ઉમેર્યું, 'સોનું ભય આપતું હતું પણ આ પથ્થર ફેંકી દઈ હવે તમે હળવા અને નિશ્ચિંત બની જાઓ.' સોનાનો સંગ્રહ-પરિગ્રહ તમને ચિંતા કરાવતો હતો. ઈશ્વર તમે કેટલા મૂલ્યવાન પદાર્થો ભેગા કર્યા એનો હિસાબ નહિ માગે, પૂછશે; 'મેં તમને આટ-આટલા સુખના અવસરો આપ્યા, ભોગવ્યા કેમ નહિ ? બાળપણ, યુવાની, વૃદ્ધત્વ બધી અવસ્થાઓ આ લોકમાં આનંદદાયી હતી; ને તમે પરલોકની જ ચિંતા કર્યા કરી ?'

આજ જીવવાને બદલે વાત કાલ પર ટાળ્યા કરશો ને વર્તમાન ચિંતામાં વ્યતીત કરી કાલનું સુખદ સ્વપ્ન જોશો. ગઈકાલે આજનું સ્વપ્ન ને આજે આવતીકાલનું ! તો 'આવતી કાલ' તો કદી આવવાની જ નહિ, એ આવતાં જ 'આજ' થઈ જશે. પછી આવશે કેવળ 'કાલ-કાળ !'

**–સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ પરમ પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરીનો દીક્ષાદિન ॥

(તા.૧૯ જાન્યુઆરી, ૧૯૭૯)

'ભક્તનું ચિત્ત અહર્નિશ પરમાત્માના વિગ્રહમાં જ રમમાણ હોય છે. ભક્ત પાસે ભગવાનને બોલાવવાનો કોઈ દિવ્ય મંત્ર હોતો નથી. સ્વયં ભગવાન જ ભક્તને સામે આવી મળે છે.'

**–શ્રી જ્ઞાનેશ્વર**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. મંત્રનું ઔષધ સૌથી ન્યારું | " | ૮ |
| ૩. મંત્રજપની ફલશ્રુતિ | " | ૯ |
| ૪. દીક્ષા એટલે શું ? | સંકલન | ૧૫ |
| ૫. સર્વ પથીઓમાં રામબાણ 'દૈવી નામપથી' | સ્વામી શિવાનંદ | ૧૮ |
| ૬. વનવિશ્રામ-એક અનોખું આધ્યાત્મિક અભિયાન | સંકલન | ૨૫ |
| ૭. બટુક મહારાજ | શ્રીયોગેશ્વરજી | ૩૦ |
| ૮. સેવાભાવી સાધુપુરુષ | " | ૩૩ |
| ૯. સાંઈબાબાની શક્તિનો પરિચય | " | ૩૬ |
| ૧૦. મહાત્મા પુરુષોની અમોઘ શક્તિ | " | ૪૦ |
| ૧૧. દેવીનો અદ્‌ભુત આવેશ | " | ૪૫ |
| ૧૨. મોહરહિત ઉપાસક | " | ૪૯ |
| ૧૩. આશ્ચર્યકારક મજૂર | " | ૫૨ |
| ૧૪. દરજીની પ્રામાણિકતા | " | ૫૪ |
| ૧૫. દીપક | " | ૫૭ |
| ૧૬. ભૂષણજી | " | ૫૯ |

## નિવેદન : 'દિવાળીઓ બહુ ઊજવી, હવે આત્માને ઊજવો'

(Celebrate yourself)

શું પૂર્વમાં કે શું પશ્ચિમમાં, વિશ્વભરમાં પોતાના 'આચારસિદ્ધ અધ્યાત્મનો ઉજાસ' પાથરતાં પૂ.શ્રી'મા' સર્વેશ્વરીની સર્વત્ર-સદાકાળ પ્રસન્ન, શાંત, સ્થિર મુદ્રા તેઓશ્રીની આયુષ્યભરની કમાઈ છે. જે બહારની ધન-પદ-કીર્તિની દોડ ત્યજી ભીતરની અંતરસંપદા સાથે ઓતપ્રોત થઈ શકે તે જ આવી અવસ્થા પ્રાપ્ત કરી શકે.

જીવનને યજ્ઞ સમજી બધું એમાં ઈંધણરૂપે ધરી, સતત ઈન્દ્રિયોને ભસ્મ કરી, એની રાખમાં 'આત્માનો અગ્નિ' પ્રજવલિત રાખવો, સંપૂર્ણ નિરંહકારિતા-સર્વસમર્પણનો પવિત્ર હુતાશન પ્રગટાવવો- પૂ.શ્રી'મા' જ આ કરી શકે.

પોતાના અંગત જીવનના સાધનાત્મક દસ્તાવેજને સમાંતરે બહિર્જીવનમાં મૌન, વાણી, વર્તન, વ્યવહાર એવાં કે સંયમ, શિષ્ટતા, આભિજાત્ય નિતાન્ત પ્રેમમાંથી પ્રસૂત થયા જ કરે. ન થાક, ન અણગમો, ન કંટાળો, ઉપેક્ષા કોઈનીયે નહિ. સર્વ સાથે સમાન વ્યવહાર. હંમેશ સમતાની ભૂમિકાનું સંતુલન. સંપૂર્ણ માનવીયપણા ને દિવ્યતાનો અનોખો સમન્વય !

૨૬ કરોડ મંત્રજપની પૂર્ણાહુતિ કર્યા પછી પણ પોતાની અવિશ્રાન્ત સાધના અંતિમ શ્વાસ સુધી કરવાની એમની નેમ છે. ચેતનાની આટલી ઉડાન પછી પણ એમની કરુણા આપણા જેવા સામાન્ય જનો પર સતત વરસ્યા કરે છે અને એટલે જ વ્યર્થ થઈ જતા માનવજીવનના વરદાનને સાર્થકતાની દિશા ચીંધતાં, તેઓશ્રી ભારતમાં તેમજ વિદેશમાં વિહરી રહ્યાં છે. સરળ, સુબોધ શૈલીમાં કહી રહ્યાં છે :

૧. તા. ૯ થી ૧૬ 'મા' એકાંત મૌન સાધનામાં જશે.
૨. કોઈના પર બોજો નહિ બનવાનું
૩. 'સ્વર્ગારોહણ'માં સાધનાપર્વ મનાવાશે. દીવાઓની રોશનીની કોઈ ઝાકમઝોળ નહિ, નિત્ય ક્રમ પ્રમાણે રોજ સાદો આહાર. મિષ્ટાન્ન-ફરસાણ નહિ, પેટ-આરોગ્ય સાચવાનાં
૪. કૅલેન્ડરના તહેવારોને જીવનના તહેવારોમાં પલટી નાખો
૫. આપણે જ દીપકસ્વરૂપ બની જઈ, બીજાને પ્રકાશ આપવાનો
૬. પરંપરાગત દિવાળીને દરેક પોતાની રીતે ઊજવે
૭. શરીરને નહિ, મનને નવા-નવા પરિધાનો-નિયમોથી સજાવો.
૮. ક્ષણિક સુખોની પાછળ ઘેલા થવાને બદલે શાશ્વત આનંદની તલાશ કરો.
૯. તમે જ તમને મળો-મૌન, માળા, પ્રદક્ષિણા, પાઠ-પારાયણ, પ્રણામ, ઉપવાસ દ્વારા ભીતર ઊતરી આત્માને ઊજવો.



# ।। શ્રીયોગેશ્વરકથામૃત ।।

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૨૧

### તા. ૧૫-૩-૮૩, મંગળવાર, ફાગણ સુદ એકમ સં. ૨૦૩૯

### ડરબન શહેર

સવારે નિયમિત નિત્યકર્મ થયું. આજે મુલાકાત માટે એક બહેન આવ્યાં હતાં. ખીચડી ને શાકના ભોજન બાદ શ્રી રામકૃષ્ણ સૅન્ટરમાં સ્વામીજી શ્રીશિવપાદાનંદજીની મુલાકાત લેવા જવાનું હતું.

બપોરે લગભગ દોઢ વાગ્યે એસેવીલના રામકૃષ્ણ સૅન્ટરમાં પહોંચ્યાં ત્યારે સ્વામીજી પોતાની બેઠક ઉપર બેઠા હતા. સ્વામી શારદાનંદજી પણ ત્યાં હતા. હંમેશની જેમ સ્વામી શિવપાદાનંદજી આનંદપૂર્વક પ્રેમથી ઊભા થઈને સામે લેવા આવ્યા. હંમેશની જેમ નીચા નમીને નમસ્કાર કર્યા અને પૂ.શ્રીને પોતાની જ બેઠક ઉપર બેસાડવા લઈ ગયા.

કૈલાસ આશ્રમ, શ્રીરામકૃષ્ણદેવ, શ્રીવિવેકાનંદ વગેરેની વાતો થાય છે. પૂ.શ્રી સમક્ષ દૂધનો પ્યાલો સ્વાગતમાં મુકાય છે. પૂ.શ્રી તે પીએ છે. પછી, થોડી વારે ત્યાંથી વિદાય લઈને અમે ઉતારા ઉપર આવી જઈએ છીએ. આજે અવોકાના રામકૃષ્ણ સૅન્ટરમાંથી શ્રીરામકૃષ્ણ પરમહંસની બંગાળી ફિલ્મની વિડીઓ કેસેટ પણ અમે ઉતારા ઉપર લઈ આવીએ છીએ.

આજે પ્રવચનસ્થળે સમયસર પહોંચી ગયાં. પ્રવચન

બાદ સમૂહધ્યાનનો કાર્યક્રમ થયો. પૂ.શ્રીએ ધ્યાનની બેઠકનું જે સંચાલન કર્યું તેની વ્યવસ્થિત રીતે કૅસેટ તૈયાર થઈ છે. તે કૅસેટ મારફતે અહીંનું ધ્યાનકૅન્દ્ર મહિનાના બીજા શનિવારે ધ્યાનની બેઠકનું આયોજન કરશે.

પ્રવચન અને ધ્યાનની બેઠક બાદ, સાડા દશ વાગી ગયા હોવાથી અમે ત્યાંથી વિદાય લઈ ઉતારા ઉપર આવી ગયાં.

રાત્રે અગિયાર વાગ્યાથી રાતના એક વાગ્યા સુધી શ્રીરામકૃષ્ણ પરમહંસની જૂની બંગાળી ફિલ્મ જોઈ. ભાષા તો સમજાય નહીં, પણ તે ગમી. ભાવભક્તિવાળી એ સુંદર ફિલ્મ હતી. તેથી પૂ.શ્રીને પણ કંટાળો ના આવ્યો. ફિલ્મ ત્રણ કલાકની હતી. પણ ઉજાગરો ઘણો થાય એ ગણતરીએ થોડી બાકી છે તે ફિલ્મ આવતી કાલે જોઈશું એમ વિચારીને આરામ કર્યો.

હરિઃ ૐ

**–શ્રી'મા' સર્વેશ્વરી**

'પુરુષાર્થ કરનારના પાલવમાં કૃપા આપોઆપ જઈ પહોંચે છે, પણ પ્રમાદી પાસે લાખ યાચના કરવા છતાં કૃપાનો લેશ પણ પહોંચી શકતો નથી. તમે જો સાવધ-જાગ્રત-પ્રયત્નશીલ રહ્યા તો પ્રભુ સાથે પણ રહે છે અને માથે પણ !'



## ॥ મંત્રનું ઔષધ સૌથી ન્યારું ॥

મંત્રનું ઔષધ સૌથી ન્યારું
દેવોને પણ લાગે પ્યારું
સર્વ રોગને નિર્મૂલ કરતું
નવજીવન દેનારું.
રોમેરોમમાં રમતું મૂકવું
નિત્ય પ્રભાતે લેવું...મંત્રનું
વિનામૂલ્યે એ તો મળતું
વાપરતાં એ વધતું
સ્વસ્થ તન મન એ કરતું
સૌએ વસાવવા જેવું...મંત્રનું
સર્વ દેશે સુલભ એ બનતું
ઊંચકવું ના પડતું
રાતદિવસ એ સાથે રહેતું
સૌને શાંતિ દેતું...મંત્રનું
શક્તિ સ્ફૂર્તિ અખંડ દેતું
અનુભવે એ ઓળખાતું
સર્વ શાસ્ત્રોએ માન્ય કરેલું
'સર્વેશ્વરી'એ ચાખ્યું...મંત્રનું

**–શ્રી'મા' સર્વેશ્વરી**

**(રાગ : રક્ષા સૌની તું કરનારો)**

# ॥ મંત્રજપની ફલશ્રુતિ ॥

**તા.૧૮/૭/૨૦૨૩ નોર્થબરગન**

વિશ્રામદિન ? હા. પ્રણામપૂજા, નિયમિત. મંત્રજપ નિયમિત. તા-૧૭. તા-૧૮ની ૪૦૦ માળા થઈ છે.

અહીં આજકાલ મુલાકાત, સત્સંગ બંધ. તા-૧૫ ઑગસ્ટ સુધીમાં ૨૬ કરોડ જપ પૂર્ણ કરવાની યોજના પરમાત્માની જ છે. ૭ ઑગસ્ટ ૧૯૯૫થી પ્રારંભ પામેલી જપયાત્રા દર વરસે સરસ રીતે ચાલવા માંડી. આંકડા નોંધાતા ગયા.

૧૩ કરોડ જપ ૨૨ જુલાઈ ૨૦૧૦ના રોજ પૂર્ણ થયા.

તે પછી પાછું મન મંત્રજપમાં જ ગૂંથાયું જેથી હવે ૨૬ કરોડ જપ થાય તો સારું. એવા વિચારોમાં ફરી જપયાત્રા પ્રારંભ પામી.

આજે તો તે ૨૫ કરોડ ૯૨ લાખનો આંકડો નોંધાવી રહી છે.

હવે જપયાત્રાના માત્ર ૮ આઠ લાખ જપ જ બાકી છે.

ધારેલા આંક સુધી પહોંચી શકાશે એનો આનંદ છે. પરમસખાની યોજના એમના જ આશીર્વાદ અને કૃપાથી પૂર્ણ થશે એના સ્મરણ સાથે શ્રી શ્રીચરણોમાં અચરજ સાથે વારંવાર ઝૂકવાનું જ હોય ને !

૨૬ કરોડ જપ પૂર્ણ થશે. દરેક કરોડનાં ફળ શાસ્ત્રમાં વર્ણવ્યાં છે. એ વાંચતાં તો સૌ કોઈને જપ કરવાની ઈચ્છા જાગે ફળ જોઈને તેને ખાવાનું મન થાય.

જેમકે ૧૯૯૫માં ગણતરી સાથે જપયાત્રા શરૂ થઈ ત્યારે એવા દરેક કરોડ જપની ફલશ્રુતિ કેવી છે તેની ખબર ન હતી.



વરસો પછી એની માહિતી મળી. ફક્ત એટલી જાણ હતી કે ૧૩ કરોડ જપનો મહિમા ઈશ્વરદર્શન સુધીનો છે.

પરમસખાએ ૧૩ કરોડ પૂર્ણ કરાવ્યા ત્યારે તે ફલશ્રુતિ કેટલે અંશે પામ્યા તે વિષય અલગ છે. પણ ૧૩ કરોડ પૂર્ણ થયાનો આનંદ તો હતો જ. પણ ત્યાં અલ્પવિરામ કે પૂર્ણવિરામ પરમસખાએ ના મૂકાવ્યાં. આગળ ને આગળ ચાલતાં જ રહો જપતાં જ રહો. દોડતાં જ રહો. ક્યાંયે અટકવાનું નથી. અને એ દોડ ચાલુ જ રહી. હા. આજે પણ એ દોડ ચાલુ જ છે. હજી જપયાત્રા ચાલતી જ રહેશે આ માનવદેહના અંતિમ શ્વાસ સુધી તે ચાલુ રહે એ વાત ઈચ્છવા જેવી છે.

જુઓને શાસ્ત્રમાં શું લખેલું છે ?

- એક કરોડ જપ બરાબર વિધિપૂર્વક કર્યા હોય એના જન્માક્ષરનું પ્રથમ સ્થાન તનુસ્થાન સુધરે. એને મહારોગ થાય નહિ.
- બે કરોડ જપ કર્યા હોય એના જન્માક્ષરનું ધનસ્થાન સુધરે. એ જંગલમાં બેઠો હોય તો પણ ભૂખ્યો ના રહે.
- ત્રણ કરોડ જપ કર્યા હોય એના જન્માક્ષરનું પરાક્રમસ્થાન સુધરે. જે કામ હાથમાં લે એને સફળતા મળે જ મળે.
- ચાર કરોડ જપ કર્યા હોય એને લૌકિક સુખ મળે.
- પાંચ કરોડ જપ કર્યા હોય એની બુદ્ધિમાં જ્ઞાનનું સ્ફુરણ થાય.
- છ કરોડ જપ કર્યા હોય એના અંદરના કામ, ક્રોધ આદિ શત્રુઓ ધીરે ધીરે મરે.

● સાત કરોડ જપ કર્યા હોય તેનો સંસાર સુધરી જાય. પુરુષ હોય તો ભક્તિમાં પત્ની બહુ અનુકૂળ થઈ જાય. અને સ્ત્રી હોય તો એ અખંડ સૌભાગ્યવતી બને એને સતપુત્રની પ્રાપ્તિ થાય.

● આઠ કરોડ જપ કરે એના જન્માક્ષરનું મૃત્યુ સ્થાન સુધરે. એને પથારીમાં હાય હાય કરતાં મરવું ના પડે.

● નવ કરોડ જપ કરે એનું ધર્મસ્થાન સુધરે. આટલા જપ કરનાર જીવ લાયક ન હોય તો ભગવાન એને સ્વપ્નમાં દર્શન આપે.

● દશ કરોડ જપ કરે તેનાં ખરાબ કર્મોનો નાશ થાય.

● અગિયાર કરોડ જપ કરે એનાં ક્રિયમાણ કર્મોનો નાશ થાય.

● બાર કરોડ જપ કરે એના પ્રારબ્ધકર્મોનો નાશ થાય.

● તેર કરોડ જપ કરે એનું જીવન મંગલમય થાય. એનું મરણ મંગલમય થાય ને એ પરમાત્માના ચરણમાં પહોંચી જાય.

**–('કલ્યાણકારી જપયજ્ઞ'માંથી)**

જે ફલશ્રુતિ જાણે, વાંચે, સમજે તો સમજપૂર્વક એક સોનેરી આશા સાથે જપયાત્રા શરૂ કરે.

હે નાથ, જપાવજો તપાવજો ને પ્રત્યક્ષ પ્રગટ થઈ પધારજો. દર્શન દઈ સર્વ દિશાથી સજાવજો. હે નાથ, પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

૧૯/૭/૨૦૨૩ **નોર્થબરગન**



હવે થોડા જ-ગણતરીના દિવસોમાં ૨૬ કરોડ જપ પૂર્ણ થશે તેનો આનંદ તો હોય જ ને ! છેલ્લા ૨૮ વરસથી આ સાધના-આ જપયજ્ઞ, આ જપયાત્રા ચાલી રહી છે. હવે તો જાહેરમાં પણ 'સ્વર્ગારોહણ'માં ચાર વાર દરરોજ જપયાત્રા ૩૦, ૩૦ મિનિટની થતી રહે છે. 'મા' જ્યાં પણ હોય કૅનેડામાં હોય, અમેરિકામાં હોય, વર્જીનીયાના વનવિશ્રામમાં હોય કે ટોરેન્ટોના વનવિશ્રામમાં હોય ત્યાં ત્યાં જપયાત્રા સમૂહમાં પણ ચાલી રહી છે.

મંત્રયાત્રા, જપયાત્રાના આંકડા અને એના ફલાદેશ શાસ્ત્રમાં વર્ણવેલા છે તે જોતાં તો સૌ કોઈ જપ કરવા માંડે. કારણ આ સાધન ખર્ચાળ નથી. આ સાધનમાં કોઈ ક્રિયાકાંડ નથી. કોઈ વિધિ કરાવનાર પંડિત, જ્ઞાનીની જરૂર નથી, કોઈની પણ સહાય વિના તે થઈ શકે છે.

અન્ય શાસ્ત્રોમાં પણ તેનો મહિમા વર્ણવ્યો છે :

૧ કરોડ જપ કરવાથી-આરોગ્ય
૨ કરોડ જપ કરવાથી ધન
૩ કરોડ જપ કરવાથી યશ, પરાક્રમ
૪ કરોડ જપ કરવાથી રિદ્ધિ, સિદ્ધિ, સુખ
૫ કરોડ જપ કરવાથી જ્ઞાન
૬ કરોડ જપ કરવાથી આંતરિક શત્રુઓનો નાશ
૭ કરોડ જપ કરવાથી સૌભાગ્ય
૮ કરોડ જપ કરવાથી મરણ મિષ્ટ બને

૯ કરોડ જપ કરવાથી પરમાત્માની ઝાંખી

૧૦/૧૧/૧૨ કરોડ જપ કરવાથી પ્રારબ્ધ ને ક્રિયામાણ કર્મો બળે છે.

મંત્રની ૧૫ શક્તિઓ પણ શાસ્ત્રમાં બતાવી છે :

૧. ભુવનપાવની
૨. સર્વવ્યાધિવિનાશિની
૩. સર્વદુઃખહારિણી
૪. કલિકાલ ભુંજગ-ભયનાશિની
૫. નરકોદ્ધારિણી
૬. પ્રારબ્ધવિનાશીની
૭. સર્વ અપરાધભંજની
૮. કર્મ સંપૂર્ણકારિણી
૯. સર્વ વેદ તીર્થાધિક ફલદાયિની
૧૦. સર્વાર્થદાયિની
૧૧. જગદાનંદદાયિની
૧૨. અગતિગતિદાયિની
૧૩. મુક્તિપ્રદાયિની
૧૪. વૈકુંઠલોકદાયિની
૧૫. ભગવત્ પ્રીતિદાયિની

શાસ્ત્રો કોણે રચ્યા ?

અનુભવી, સાધનાપરાયણ ઋષિઓએ એનું સર્જન કર્યું.

જેમણે આ ફલાદેશ માણ્યા હશે, જેમણે આ શક્તિનાં દર્શન કર્યાં હશે; તે તે વિશેષ વિભૂતિએ આ વાત લખી હશે.

શાસ્ત્રો સાચાં છે.



સાધનાપરાયણ ઋષિઓ સત્ય જ લખે.

એટલે શાસ્ત્રવચનમાં શ્રદ્ધા છે. અનુભવી મહાપુરુષોના વચનમાં શ્રદ્ધા છે.

આ બધું જ સત્ય છે. એને શ્રદ્ધાથી વધાવવાનું છે.

જેને જેને આ અનુભવવું હોય તે તે સાધના કરીને જોઈ લે. શાસ્ત્રોને સાચાં કરવા માટે આપણું જીવન જ પ્રયોગશાળા છે. પ્રયોગ કરીને જોઈ લો. સાધના કરીને ફળ પામી લો, ચાખી લો.

આ બધા વિષયો 'મા'ને પણ રસપ્રદ લાગ્યા છે.

જપયાત્રા હવે ૨૬ કરોડ સુધી પહોંચશે તો તેની આસપાસ કેવા કેવા અનુભવી શાસ્ત્રોનાં કથનો છે તે પણ જોવાનું 'મા'ને પ્રિય લાગે છે.

આજકાલ 'મા' તો હવે એ આંકડો પૂર્ણ થશે એની મસ્તીમાં મસ્ત છે ૨૮ વર્ષ પહેલાં ક્યાં કલ્પના હતી કે એ આંકડો પૂર્ણ થશે. અરે ૨૮ વરસ જીવાડીને પરમાત્મા જપયાત્રા નિર્વિઘ્ને કરાવી રહ્યા છે. એક ટાંકણી જેટલું પણ વિઘ્ન જપયાત્રામાં આવ્યું નથી.

હે મંત્રદેવતા ! આપના શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ. પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

'માનવજીવન આત્માને ઓળખવાનો એક મહામૂલો અવસર છે, જે કેવળ દેહાર્થે વેડફાય નહિ.'

# ॥ દીક્ષા એટલે શું ? ॥

'દીક્ષા' શબ્દના મૂળમાં 'દક્ષ' શબ્દ છે, જેનો અર્થ કુશળ અને 'દીક્ષ' એટલે સમર્પણ-સ્વયંનો વિસ્તાર. દીક્ષા આધ્યાત્મિક પ્રગતિની એક પ્રક્રિયા છે જેમાં આત્મખોજ માટે પોતાની ચેતનાનો વિસ્તાર કરવાનો હોય છે.

દીક્ષા દ્વારા શિષ્યમાં એવું સામર્થ્ય ઉત્પન્ન થાય છે કે ગુરુ પાસેથી પ્રાપ્ત ઊર્જા દ્વારા શિષ્યની અંદર 'આંતરિક જ્યોત' પ્રજ્વલિત થાય છે. જેના પ્રકાશમાં એ પોતાના 'અસ્તિત્વનો ઉદ્દેશ્ય' જોવા માટે સક્ષમ બને છે.

દીક્ષાથી અપૂર્ણતા નાશ પામે છે ને આત્માની શુદ્ધિ થાય છે. આ આધ્યાત્મિક યાત્રાની પહેલી સીડી છે.

આત્માને સ્તરે ગુરુ-શિષ્ય સંબંધ બને છે. જેથી બંને વચ્ચે ઊર્જાનો પ્રવાહ સહજ થાય.

આનાથી બંનેનું ઉત્તરદાયિત્વ વધી જાય છે. ગુરુ બધા અંતરાયોને દૂર કરીને શિષ્યને આધ્યાત્મિકતાની ચરણ સીમા પર પહોંચાડે છે. શિષ્યનું ઉત્તરદાયિત્વ હર હાલમાં ગુરુએ દર્શાવેલા નિયમોનું પાલન કરવાનું હોય છે.

જ્યારે શિષ્યનું અંતઃકરણ શુદ્ધ થઈ જાય, રાગદ્વેષમુક્ત થઈ અંતઃકરણ પ્રભુમય બનતાં ગુરુ મંત્ર અથવા દીક્ષા આપે છે.

આ દીક્ષા ઘણે પ્રકારે અપાય છે :

૧. બોલીને અપાય

૨. કાનમાં કહીને

૩. દૃષ્ટિથી

૪. ફૂંક મારીને

૫. ધબ્બો મારીને



**માનસદીક્ષા :** આને સંકલ્પદીક્ષા પણ કહે છે. આમાં દેશકાળનું વ્યવધાન નથી હોતું. સદ્‌ગુરુ સંકલ્પમાત્રથી શિષ્યમાં શક્તિપાત કરી દે છે. આને માટે સ્થૂળ દર્શન કે વિધિવત્ પ્રાર્થના જરૂરી નથી.

**શક્તિદીક્ષા :** યોગમાર્ગ દ્વારા શિષ્યના શરીરમાં પ્રવેશ કરીને એના અંતઃકરણમાં જ્ઞાન ઉત્પન્ન કરી, 'જ્ઞાનવતી દીક્ષા' અપાય છે.

**માન્ત્રીદીક્ષા :** યજ્ઞમંડપ કે હવનકુંડ રચી, બહારથી શિષ્યને સંસ્કાર અપાય છે. શક્તિપાત દ્વારા ઉત્પન્ન થયેલાં લક્ષણોને લીધે શુદ્ધિ થાય છે.

એક સંપૂર્ણ જાગૃત ગુરુ જે સહસ્રધાર ચક્રમાં સ્થિત હોય એ જ દીક્ષા આપવા અધિકારી ગણાય. એ પરમ જ્ઞાની, બધા અવગુણોથી મુક્ત, કરુણામય હોય અને એનામાં કોઈપણ સમસ્યા કે પરિસ્થિતિના સમાધાન માટેની પૂર્ણ ક્ષમતા હોય.

શિષ્ય જો ગુરુની ઊર્જા-જ્ઞાનને આત્મસાત્ કરી, પોતાના જીવનમાં ઉતારી ન શકે, ક્રિયાન્વિત ન કરી શકે તો દીક્ષાની શ્રેષ્ઠ પ્રક્રિયા પણ વ્યર્થ થઈ જાય.

દીક્ષા એક શપથ, અનુબંધ, સંકલ્પ છે. જે ગુરુનો ઈશ્વર સાથે સાક્ષાત્ સંબંધ હોય એવા ગુરુ જ દીક્ષા આપી શકે.

જોકે કોઈ વિદ્વાન ગુરુ પાસે પણ દીક્ષા લઈ શકાય જે શિષ્યના જીવનનું માર્ગદર્શન કરી, એના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે.

હિંદુ ધર્મમાં પ્રાચીન સમયથી 'દીક્ષાપરંપરા' રહી છે. દીક્ષાથી આપણા દિશાહીન જીવનને દિશા મળે છે.

**—સંકલન**

*

## ॥ પરમ પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરીની દીક્ષાનું સ્વરૂપ ॥

ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ એવો અનન્ય છે કે, ત્યાં કોઈ આપનાર નથી, કોઈ લેનાર નથી.

ગુરુની આધ્યાત્મિક શક્તિ શિષ્ય તરફ વળે ત્યારે તે માત્ર પ્રેમરૂપી માધ્યમ દ્વારા જ વહી શકે. જેણે ઈશ્વરને જાણ્યો છે તે જ ગુરુ બની શકે. ઈશ્વરની સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ તરીકે ગુરુમાં શિષ્યનું ચિત્ત તન્મય બની જાય અને જેમ જેમ તેના મનની ધ્યાનશક્તિ તેમનામાં એકાગ્ર થાય તેમ તેમ ગુરુ મનુષ્ય છે એ ચિત્ર લુપ્ત થાય, શરીર અદશ્ય થાય અને ત્યાં સાક્ષાત્ ઈશ્વર દેખાય. આમ ગુરુ આધ્યાત્મિક પૂર્વજ છે, પણ વિનય, નમ્રતા, આદર, સન્માન, પ્રેમ, શ્રદ્ધા વગર શિષ્યને અધ્યાત્મની અભિજ્ઞા ન થાય.

પરમ ગુરુ ભગવંત શ્રી યોગેશ્વરજી કહે છે તેમ; 'શ્રીશૈલમ્ પર્વત પરના મલ્લિકાર્જુનના સુંદર, શાંત સ્થળમાં એમના (પૂ.શ્રી'મા'ના) સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ કે કોઈપણ પ્રકારની પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો. એ અવસર અતિશય આહ્લાદક અસાધારણ, અદ્‌ભુત હતો. એની પાછળ એમના પવિત્ર ને પ્રબળ પૂર્વસંસ્કારો કામ કરી રહેલા.'

ટૂંકમાં, દરેક આત્મા પૂર્ણ થવા નિર્માયેલો છે પણ એની શક્યતાને પ્રેરણા ગુરુ પાસેથી મળે છે, અબલત્ત એ ગ્રહણ કરવાની યોગ્યતા શિષ્યમાં હોવી જોઈએ. બીજ જીવંત હોવું જોઈએ અને ક્ષેત્ર ખેડેલું તૈયાર હોવું જોઈએ. ધર્મનો વક્તા અદ્‌ભુત હોવો જોઈએ, તેનો શ્રોતા પણ તેવો જ જોઈએ. ત્યારે જ સુંદર 'આધ્યાત્મિક વિકાસ' થાય.

—સંકલન



## ॥ સર્વ પથીઓમાં રામબાણ 'દૈવી નામપથી' ॥

જ્યારે એલોપથી, હોમિયોપથી, નેચરોપથી, આયુર્વેદ અને અન્ય 'પથીઓ' રોગીને સારો કરવામાં નિષ્ફળ નીવડે છે ત્યારે તમને એક માત્ર 'દૈવી નામપથી' જ બચાવી શકે છે. તમામ રોગો જડમૂળથી કાઢવા માટે ભગવાનનું નામ અત્યંત શક્તિશાળી અને રામબાણ નીવડે છે. ઘેરી નિરાશા અને શોક, દુઃખ અને વેદના, જીવનની રોજિંદી વિટંબણાઓમાં તે એક આશિષરૂપ છે. નામમાં તમામ દૈવી તત્ત્વો સમાયેલાં છે. એ ચ્યવનપ્રાશ, મકરધ્વજ, વસંતકુસુમાર અથવા સુવર્ણભસ્મના સત્ત્વરૂપ છે. એ એક રહસ્યમય સદાય સફળ થતું દૈવી ઈંજેક્શન છે.

તમે પોતે ગમે તે રોગ સારો કરવા માટે આ નામ-જપની દવા લઈ શકો. તમારા કુટુંબ યા બીજા દરદીઓ ઉપર પણ આ ચમત્કારિક ભગવાનનું નામ પૂરી શ્રદ્ધાથી રટો. હરિઃ ૐ, શ્રી રામ, ૐ નમઃ શિવાય, પ્રભુનાં નામોનું ગાન કરો.

પ્રભુની કૃપા-દયા માટે યાચના કરો. તમામ આધિ-વ્યાધિનો અંત આવશે. રોજ સવારે ને સાંજે બબ્બે કલાક નામજપની સારવાર કરો. થોડા જ વખતમાં તમને ચમત્કારિક ફાયદો જણાશે. 'સાચો ડૉક્ટર એક માત્ર નારાયણ જ છે.' ત્રણે લોકના વૈદ્ય ધન્વન્તરિએ જાહેર કર્યું છે. 'અચ્યુત, અનંત ગોવિંદના નામજપની દવાથી તમામ રોગો સારા થાય છે.'

તમે સાંભળ્યું હશે કે તદ્દન ખરાબ રોગ, જેમાં શક્તિશાળી ડૉક્ટર પણ સારો કરવામાં નિષ્ફળ નીવડ્યો હોય છે તેવા ઘણા કિસ્સામાં રોગી ચમત્કારિક રીતે સારા થાય છે; કેમકે આમાં દૈવી હાથ રહેલો હોય છે. દૈવી નામ જન્મમરણના રોગનોયે નાશ કરશે અને તમને મોક્ષ-મુક્તિ અને ચિરંજીવિતા અર્પશે.

*

## ॥ જપની સંખ્યા ॥

પ્રત્યેક માણસ અજાણપણે દરરોજ ચોવીસ કલાક દરમ્યાન ૨૧૬૦૦ 'સોહમ્'ના જપ કરતો હોય છે. દરેક વ્યક્તિ શ્વાસ લેવાની અને બહાર કાઢવાની ક્રિયા કરતાં કુદરતી રીતે ૨૧૬૦૦ 'સોહમ્' મંત્ર દરરોજ જપે છે. તો તેટલા જપોનો સહયોગ કરવા દરેકે પોતાના ઈષ્ટમંત્રનો ૨૧૬૦૦ વખત જપ ઓછામાં ઓછો દરરોજ કરવો જોઈએ. તો મંત્રની અસર મહત્તમ થઈ શકશે, મન જલદીથી શુદ્ધ બનશે.

*

## ॥ જપ સાથે કર્મયોગ ॥

તમે કાર્ય કરો ત્યારે તમારા હાથ કામને આપો અને મન ઈશ્વરને આપો. જેમ ટાઈપ કરનાર કે હારમોનિયમ વગાડનાર ટાઈપ કરતાં કે વાજું વગાડતાં તમારી સાથે વાત કરે છે તેમ. તમે મંત્રના જાપ કરો. અભ્યાસથી તમે બે વસ્તુઓ એકીસાથે કરી શકશો. શારીરિક કાર્ય યાંત્રિક, સહજ બની રહેશે. તમારા મનના બે ભાગ થશે. એક ભાગ ભગવાનની સેવામાં જપ અને ધ્યાનમાં રોકાશે. અષ્ટાવધાનીઓ એકીવખતે આઠ કામ કરતા હોય છે. આ મનની તાલીમનો જ પ્રશ્ન છે. એવી જ રીતે તમે મનને તાલીમ આપો કે હાથથી કામ કરી શકો અને સાથે મનથી ઈશ્વરને પણ યાદ કરી શકો. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે :

'તેથી સર્વકાળે મારું જ સ્મરણ કર અને મન અને બુદ્ધિને મારા પર સ્થાપી, સંશય વગર લડ.'

આમ કર્મયોગ અને ભક્તિયોગ સાથે જ રહે છે.

*



## ॥ મંત્રદીક્ષાનો મહિમા ॥

આધ્યાત્મિક જીવનમાં પવિત્ર મંત્રદીક્ષા બહુ અગત્યની છે. જે સંતે ભગવાનનું દર્શન કર્યું હોય એ સદ્‌ગુરુ પાસેથી ગુરુમંત્ર મળવો એ ભક્તને માટે અત્યંત સદ્‌ભાગ્યની, મહામૂલી બાબત છે. મંત્રદીક્ષાની તાકાત અને શક્તિ વિશે હજી જે આરંભકર્તા છે તેને કશી સમજ હોતી નથી.

આ પવિત્ર ભૂમિમાં મંત્રદીક્ષા એ અતિ પ્રાચીન પ્રક્રિયા છે ઉપનિષદ્‌કાળમાં-વૈદિક કાળમાં આત્માની ઓળખ માટે પવિત્ર મંત્ર અથવા દૈવી નામ, દૈવી સમાગમ માટેની અતિ આવશ્યક ચીજ ગણાતી હતી. પ્રભુદર્શનની અનુભૂતિ માટે મંત્રો એ આપણને પ્રાચીન કાળથી મળી આવેલી મૂળભૂત ચાવી છે. સદીઓથી આપણને સંતો-ગુરુપરંપરા દ્વારા મંત્રોનો વારસો મળેલો છે.

મંત્રો મેળવનારના અંતરતમ ઊંડાણમાં એક મહાન પલટો આવે છે. અલબત્ત એનાથી ભક્ત પોતે હજી અજાણ્યો હોય છે. છતાં આ પલટો શરૂઆતથી આકાર લે છે. જમીનમાં રોપવામાં આવેલાં બીજની જેમ અંતે તે આત્મજ્ઞાનનાં મિષ્ટ ફળ પ્રદાન કરે છે. અલબત્ત, સાધકે હૃદયપૂર્વક સતત પ્રયાસો કર્યા જ કરવાના હોય છે અને ગુરુમાં સંશયાતીત શ્રદ્ધા રાખવાની હોય છે જેથી ગુરુ પાસેથી યોગ્ય સહાય, માર્ગદર્શન, કૃપાદૃષ્ટિ મળે મંત્રના સતત પઠનથી-જપથી તેનામાં એક પ્રબળ આધ્યાત્મિક શક્તિ પ્રગટે છે; જે અજ્ઞાનનો નાશ કરી ચિરંજીવ આત્માનંદની અનુભૂતિનાં દ્વાર ઉઘાડે છે.

મંત્રદીક્ષાથી થતી મહાન શુદ્ધિ, આંતરિક ગૂઢ પવિત્રતાની આ પ્રક્રિયા તમને સીધા દૈવી અંશની સાથે જોડી દે છે. આમ એક છેડે મંત્રદીક્ષા ને બીજે છેડે પ્રભુ સ્વયં છે.

*

## ।। મંત્રમાહાત્મ્ય ।।

મંત્ર એ દેવતા છે. મંત્ર અને મંત્રના દેવતામાં અદ્વૈત છે. મંત્ર પોતે જ દેવતા-દિવ્ય શક્તિ છે. એ સ્વસ્થ શરીર-મનમાં રહેલી દૈવી તાકાત છે. શ્રદ્ધા અને ભક્તિથી કરેલા અવિરત મંત્રજપ સાધકની શક્તિ વધારે છે અને મંત્રમાં રહેલ 'મંત્ર-ચૈતન્ય'ને જાગ્રત કરી, સાધક પર મંત્રસિદ્ધિ, સ્વાધીનતા, શાંતિ, શાશ્વત આત્માનંદ અને અમરતા વરસાવે છે. નિરંતર મંત્રજપ કરવાથી સાધક તે મંત્રના દેવતાના સદ્‌ગુણ અને શક્તિ પોતાનામાં શોષે છે. જેમકે, સૂર્યમંત્રના જપથી સ્વાસ્થ્ય દીર્ઘાયુ, બળ, પ્રાણશક્તિ અને તેજ પ્રાપ્ત થાય છે. તેથી શરીર અને આંખના બધા રોગ દૂર થાય છે.

*

## ।। જપનું માહાત્મ્ય ।।

જપ વિષયો તરફ જતા વિચારપ્રવાહના બળને અટકાવે છે. મનને ઈશ્વર તરફ, શાશ્વત સુખની પ્રાપ્તિ તરફ વળવા ફરજ પાડે છે.

પ્રત્યેક મંત્રમાં ચૈતન્ય છુપાયેલું છે. જ્યારે જ્યારે સાધક પોતાની સાધનામાં ઉત્સાહની મંદતા બતાવે છે, ત્યારે મંત્રની શક્તિ તેની સાધનશક્તિમાં નવું જોમ આપે છે.

જેમ તેલ એક વાસણમાંથી બીજા વાસણમાં રેડવામાં આવતાં એક ધારારૂપે રેલાય છે તેમ જપ સમયે ભગવાનમાંથી એક જ ધારામાં સઘળા દિવ્ય સદ્‌ગુણો રેલાતા હોય છે. તે મનના સ્વભાવને બદલી નાખે છે. મનને સત્ત્વથી ભરી દે છે.

જપ મનને અંતર્મુખ કરે છે, મનની બહાર ફેલાતી વૃત્તિઓને



અટકાવે છે. સર્વ પ્રકારના દુષ્ટ વિચારોને દૂર કરે છે, નિશ્ચય અને તપબળને ઉત્તેજે છે. સતત જપથી મન શુદ્ધ બને છે. એ સારા સંસ્કારોને મજબૂત બનાવે છે. સતત સારા વિચારો વડે તેનાં સ્વભાવ-ચારિત્ર્ય ઘડાય છે. જે સદાય ઈશ્વરસંબંધી વિચારો કરે છે, તે તેવા વારંવારના વિચારોથી પોતે ઈશ્વરસ્વરૂપમાં જાણે ફેરવાઈ જાય છે. તેના ભાવ-સ્વભાવ શુદ્ધ અને દિવ્ય બની જાય છે.

ભગવાનના નામ હરિઃ ૐ કે શ્રીરામના શાંત જપમાં પ્રચુર ઉત્તેજક શક્તિ ભરેલી છે. તે સઘળા રોગો માટે અમોઘ દવા છે. આ ભૂખ્યા આત્મા માટેનો આધ્યાત્મિક ખોરાક છે, જે કદી બંધ ન થવો જોઈએ. ઈસુ ખ્રિસ્ત કહે છે : 'તમે એકલી રોટી પર ભાગ્યે જ જીવી શકો, પણ ભગવાનના એકલા નામ પર જીવી શકો.' જપ અને ધ્યાન દરમિયાન ઝરતા અમૃતને પીને તમે જીવી શકો.

ભગવાનનું નામ મનમાંના પુરાણા ખરાબ સંસ્કારોને ઉખેડી નાખે છે. આસુરી, કપટી સ્વભાવને બદલી નાખે છે. અને ઈશ્વરની રૂબરૂ ભક્તને ખડો કરી દે છે. ફક્ત નામસ્મરણમાં જ આપણી બધી મુશ્કેલીઓ, યાતનાઓનો નાશ કરવાની શક્તિ હોય છે. તે સરળ, સહેલો, આરામદાયી માર્ગ છે. તેથી ઈશ્વરસાક્ષાત્કાર માટેનાં સઘળાં સાધનોમાં તેને 'મુકુટ' કે 'રાજા' કહે છે.

તમારે ફક્ત ઈશ્વરના જ અને કેવળ ઈશ્વરના જ વિચારોથી મનને ભરી દેવું જોઈએ. તમારે ખૂબ યત્નશીલ રહેવું જોઈએ. એમાં લીન થઈ જવું રહ્યું. તમારામાં અવ્યભિચારિણી ભક્તિ હોવી જોઈએ. જ્યારે તમે ભગવાનના નામનું સ્મરણ કરો તે સાથે જ તેના સર્વવ્યાપી, સર્વશક્તિમત્તાના સદ્‌ગુણો પણ યાદ આવવા જોઈએ. તમને ગુરુમંત્રમાં અખૂટ શ્રદ્ધા હોવી જોઈએ. તે ખાનગી રાખવો જોઈએ.

આમ, જપ મનની શુદ્ધિ કરે છે. હૃદયને દૃઢ બનાવે છે. ષડ્રિપુનો નાશ કરે છે. જન્મ-મરણનો અંત આણે છે. પાપને ભસ્મીભૂત કરે છે. સંસ્કારોનો લોપ કરે છે. માયાનું વળગણ નિવારે છે. વૈરાગ્ય પ્રેરે છે, સર્વ વાસનાઓનાં જડમૂળ ઉખાડી નાખે છે. નિર્ભય કરે છે. મોહ દૂર કરે છે. પ્રેમનો વિકાસ કરે છે. શાશ્વત શાંતિ આપે છે, ભક્તનો ભગવાન સાથે મેળાપ કરાવે છે. સ્વાસ્થ્ય, સંપત્તિ, શક્તિ ને દીર્ઘાયુષ અર્પે છે. ઈશ્વરીજ્ઞાન લાવે છે. ચિરકાલીન આત્માનંદ વરસાવે છે. કુંડલિનીને જાગ્રત કરે છે.

જો તમે પરમાત્માના ધ્યાનમાં મન સ્થિર ન કરી શકતા હો તમે તમારા મંત્રોચ્ચારનો ધ્વનિ સાંભળવા કોશિશ કરો. અથવા મંત્રના શબ્દો-અર્થોનો વિચાર કરો. આથી મન ભમતું અટકશે.

જીવન ખાવાપીવા માટે જ નથી. ગમે તે પળે મૃત્યુ નિશ્ચિત છે. તેથી પ્રભુના નામનો જપ કરો.

જપનું તેજ સાધકના ચહેરા પર દિવ્ય પ્રકાશ રેલાવે છે. જપયોગી અનન્ય તેજથી પ્રકાશે છે, સર્વ રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત કરે છે, તેથી જ કહેવાયું છે : 'શેષ ભગવાન પણ તેના તેજ અને કીર્તિ વર્ણવી શકતા નથી.'

*

## ॥ મંત્રયોગ ॥

મંત્રયોગ એક ચોક્કસ શાસ્ત્ર છે.

'મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ'



'મનન'—સતત વિચાર વડે જન્મ અને મરણના ફેરામાંથી મુક્તિ આપે તે મંત્ર.

એની મદદથી વ્યક્તિનો આત્મા પાપમાંથી મુક્તિ, સ્વર્ગનો વૈભવ, મોક્ષ પ્રાપ્ત કરી શકે.

'મંત્ર' એટલે દિવ્યતા. દૈવી શક્તિની એ દિવ્ય શક્તિ સૂરના રૂપમાં પ્રગટ થાય છે. જેમ અગ્નિજ્વાળા પવનથી જોશ પકડે છે તેમ સાધકની શક્તિ મંત્રશક્તિથી બળવાન થાય છે.

મંત્ર સર્જનાત્મક શક્તિને પ્રગટાવે છે-બઢાવે છે. આધ્યાત્મિકતા આપણા સમગ્ર જીવનમાં સંવાદિતા માગે છે. આખું જીવન સંપૂર્ણ સ્વસ્થ અને એકતાર રહેવું જોઈએ. મંત્ર સંવાદિતા ઉત્પન્ન કરે છે. મંત્ર સાધકને જ્ઞાન, મુક્તિ, પરમ શાંતિ, શાશ્વત સુખ અને અમરતા બક્ષે છે. મંત્રજપ ચૈતન્ય જગાવે છે. એમાં ચૈતન્ય છૂપી રીતે હોય છે, જો તમે મંત્રનો જાપ તેનો અર્થ સમજી ધ્યાનથી કરો તો તમને સત્વરે ઈશ્વરભાવ પ્રાપ્ત થશે. મંત્રનો જપ કામ, ક્રોધ, લોભ જેવા મનના મેલને ધોઈ નાખે છે. મન એના વડે 'આધ્યાત્મિક સત્ય'નું પ્રતિબિંબ પાડવાની શક્તિ પ્રાપ્ત કરે છે. મંત્રના ઉચ્ચારણથી પાપોનું પ્રક્ષાલન થઈ, શાશ્વત શાંતિ, અમાપ સૌખ્ય, જય, અમરતા અર્પે છે.

જે દેવતાના સંબંધમાં અમુક મંત્ર બોલાતો હોય તો તેથી જે સ્પંદનો ઉત્પન્ન થતાં હોય છે તે ઊંચી ભૂમિકામાં ખાસ રૂપ ઘડતાં હોય છે, જે રૂપ તે દેવતા, તે વખત માટે ધારણ કરતા હોય છે.

**—'જપયોગ'ને આધારે**

**(સ્વામી શિવાનંદ)**

**અનુવાદક : સ્વામી શ્રીભદ્ર**

## ॥ વનવિશ્રામ-એક અનોખું આધ્યાત્મિક અભિયાન ॥

આજે આ પ્રાર્થના કરીએ :

'પ્રભુ, 'જન'માંથી વનમાં લઈ જા.<br>પ્રવૃત્તિમાંથી વિશ્રાન્તિમાં લઈ જા.'

જનસંપર્કથી, પતિ-પત્નીના, માતાપિતા-સંતાનના, મિત્રોના, વ્યવસાય-નોકરી સંદર્ભના અનેક સંબંધોથી આપણું જીવન ખીચોખીચ હોય છે. મોટાભાગની શક્તિ-ઊર્જા આ પરસ્પર સંબંધોની જાળવણીમાં જ ખરચાઈ જાય છે; અલબત્ત સમાજમાં, સંબંધોની પારસ્પરિકતાનું મોટું મૂલ્ય છે. પણ સરવાળે છેવટે તો એ બધું ક્ષુલ્લક, ક્ષણજીવી છે. કેવળ ભૌતિક સુખાકારી સુવિધા જ એનું લક્ષ્ય હોય છે. અને આપણે જોઈએ છીએ કે, યંત્રોની અતિશયતાથી જીવન સાવ ઉપરછલ્લું-છીછરું થઈ ગયું છે. નર્યો ઉપયોગિતાવાદ માનવજીવનને નીરસ, જડ બનાવી રહ્યો છે. બધે જ સંકીર્ણતાઓ, મનનું સાંકડાપણું વરતાય છે. શરીર-મનની સગવડો-અગવડોમાં જ રચ્યાપચ્યા રહેવાય છે. આ જ સંસારનું વાસ્તવિક ચિત્ર છે, જે 'જન'માં જોવા મળે છે.

હવે 'વન'માં-એકાંતમાં-જાત સાથે જીવી જોવામાં, થોડા દિવસ ગાળવાથી શું થાય છે તે જોઈ લેવા જેવું છે. એક તો વનમાં આવતાં શહેરના ધાંધલ-ધમાલ-ઘોંઘાટ મંદિરની બહાર જેમ ચંપલ-બુટ ઊતરી જાય એમ ઊતરી જાય છે ! પ્રકૃતિમાં પ્રસરેલી શાંતિ-મૌનની સુગંધ આપણને સ્પર્શી જાય છે. આપણને આપણી સાથે રહેવાનો 'અભિનવ અવસર' પ્રાપ્ત થાય છે. જનમાં-જનસમાજમાં રહેતાં-જીવતાં-રહેતાં આપણા બંને ખભા ભારઝલ્લા બની ગયા હોય છે. એક ખભા પર 'હું' અહમ્‌નું



વજન, આસક્તિનો કોથળો તો બીજા ખભા પર 'સમય'ની અતિશય તીવ્ર સભાનતા. બધું જ ઘડિયાળના કાંટાઓની આસપાસ ! આપણે કાંડે ઘડિયાળ ભલે બાંધી કે, મોબાઈલમાં રાખી  ફરતા હોઈએ. હકીકતમાં આપણે તેનાથી હરપળે બંધાયેલા રહીએ છીએ, લટકેલા રહીએ છીએ. સમયની દોટ સાથે સતત સ્પર્ધામાં રહેતો માણસ હાંફી જાય છે. જ્યારે વનમાં સૂર્યોદય, મધ્યાહન, સૂર્યાસ્ત સમયતત્ત્વની છડી પોકારે છે, પણ આપણા પર એનું આક્રમણ નથી હોતું, કેવળ ઉપસ્થિતિ હોય છે તેય માણવી ગમે તેવી !

પ્રકૃતિની સવાર-બપોર-સાંજ-રાતની નિયમિતતા એની ગતિ-લય બધું સુનિશ્ચિત એની રીતે પણ સાધકને એ તાલમેલમાં રહેવાનું સૂચવી અટકી જાય છે. કશું આપણા પર લદાતું નથી.

તો જનમાંથી વનમાં આવતાં સ્વાધીનતા, મુક્તિ, સ્વાતંત્ર્યનો અર્થ-મૂલ્ય સમજાય છે. જે આપણે કેવાં નજીવાં-મામૂલી કારણો ખાતર ગિરવે મૂકી દીધી હોય છે ! બંધનોની અતિશયતાથી દૂર થતાં મન હાશ અનુભવે, સ્વેચ્છાથી પોતાના દિવસ-રાત ગોઠવી શકે. હા, પણ કશું અનિયંત્રિત-ઉચ્છ્રંખલ નહિ !

સવારે ઍલાર્મ નહિ, પક્ષીઓના સ્વર જગાડે, જગાડી જ દે-જાગ્રત કરી દે ! ફૂલોની સુગંધ આપણને પર્ણો-ડાળીઓ-વૃક્ષો-વનરાજિ આપણને એની શાંત મધુરપથી ભરી દે. 'ઘર' એટલે રસોડું, દીવાનખાનું, શયનખંડ, લૉબી. એટલે જાતજાતની વૃત્તિ-પ્રવૃત્તિઓનું એકધારું બંધિયારું જીવન !

'સુબહ હોતી હૈ, શામ હોતી હૈ<br>જિન્દગી યૂઁ હી તમામ હોતી હૈ ।

જ્યારે વનમાં તંબુઓ-સંરક્ષણ પૂરું પાડે. પણ ચોતરફ ખુલ્લાપણાનો અહેવાસ કરાવે. વિસ્તાર-પ્રસ્તારના સંદર્ભમાં આપણને મૂકી આપે.

પૂ.શ્રી'મા' એવું આયોજન કરે કે, આપણે મુક્ત. આબોહવાનો પરિચય કરીએ.

રોજની પળોજણમાંથી મુક્ત થતાં જ આપણને-પ્રકૃતિનો શાંત-સૌમ્ય બોધ સમજાવા માંડે.

સૌથી વિશેષ તો પ્રભુમય રહેવાની, પ્રભુમય થઈને જીવી જોવાની એક ઉજ્જવળ તક સાંપડે છે.

જેથી 'સંસારના નશ્વર ઝાકમઝોળ-સામે આત્મા-પરમાત્માની શાંત-સ્થિર તેજોમય છબી-સતત નિહાળવા મળે.'

અહીં જેટલા પણ દિવસ રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય એ લઈને પછી સંસારમાં પુનઃ પ્રવેશ-રુટિનમાં જોડાઈ જનાર આનો 'શાશ્વત પ્રભાવ' લઈને પાછો ફરે.

આ અભિયાન એકવાર શરૂ થાય પછી સમાપ્ત નથી થઈ શકતું.

'વનના' પ્રકાશકિરણથી આપણે 'જનપ્રવૃત્તિમાં' પાછા ફરીશું. તો પણ એક નવી દૃષ્ટિ આપણને લક્ષ્યવાન બનાવીને સ્થૂળ-કેવળ ભૌતિકતામાં આયુષ્ય ખર્ચી નાખવાની અનુમતિ નહિ જ આપે.

પરમ પૂજ્યશ્રી'મા'ની મૌન સંનિધિ, મુખર પ્રેમ-સૂક્ષ્મ કાળજીભરી, આયોજના આપણને વધારે મૃદુ-કોમળ-સંવેદનશીલ-માનવીયતાથી મઢી દેવા ચાહે છે.

સંતો સામાન્ય રીતે વિશ્રામ સૂચવે-આપણા સંસારના ધમાલભરેલી પ્રવૃત્તિઓનો વિરોધ કરવા!

પણ અહીં 'મા' પ્રવૃત્તિઓનો અનાદર નથી કરતા કરાવતા-



પણ એની સાથે શાંતિનું પણ કેવું મહામૂલ્ય છે તે સમજાવવા મથી રહ્યાં છે.

પૂ.'મા'ને હંમેશાં અભિપ્રેત છે-બેલેન્સ-સમતુલા ! દરેકનું પોતાનું એક ગૌરવ-ગરિમા છે. પ્રવૃત્તિ-શાંતિ, બંનેને સાચી રીતે ઓળખી, પારખી લો, પોતાની રીતે ! પસંદ કરવા જેવું શું છે ? તમે જ નક્કી કરો.

જીવનની સાર્થકતા શેનામાં છે ! તે દરેક જણ પોતપોતાની રીતે જાણી લે, સમજી લે. ને એ પ્રમાણે જીવનશૈલી ગોઠવે તો પછી જનમાં રહે કે વનમાં ! પછી આવા વનવિશ્રામોની પણ જરૂર નહિ રહે. માણસ જગતમાં જીવતાં-જીવતાં જ 'જન' વચ્ચે 'વન' ને જીવતો રહે તો શાંતિ પ્રસન્નતા રળી જ શકે. જે જીવનનું લક્ષ્ય છે. આળસ, કંટાળો, પ્રમાદ ક્યાંય નાસી જાય અને આપણે ઉત્સાહ, સ્ફૂર્તિ એવી અનુભવીએ કે, પૂ.શ્રી'મા'ની સંનિધિમાં સવાર-પ્રણામથી, પ્રાર્થનાથી-હળવી કસરતોથી, જીવંત બની જાય. બપોરનું હળવું ભોજન, પુસ્તકોનું વાચન-પારાયણ-સાંજે પ્રકૃતિની સંનધિનો-કોઈ ને કોઈ બહાને સીધો જીવંત સંપર્ક, સંધ્યા સમયે હળવું ભોજન. સત્સંગ-આવા નિયત કાર્યક્રમનું ટાઈમટેબલ હોય-પણ એનો ભાર ન લાગે. હોંશેહોંશે એના અંશ બની જવાનું રુચે, ગમે.

દરેક જણ પોતાની ઉંમર, અવસ્થા, ભૂમિકા પ્રમાણે સત્સંગ માણે. સૌથી વધારે તો 'વનવિશ્રામ'માં મર્યાદિત સત્સંગીઓની સંખ્યા હોય, બધા જ પ્રકારની પ્રાથમિક સુવિધા હોય. એટલે ક્યાંય શોરબકોર, કોલાહલ ન હોય. બધા જ શાંતભાવે આમાં સક્રિય હોય.

મન શાંત બની કુદરતનો જ એક અંશ બને, એની સાથે સંવાદમાં જીવવા માંડે એટલે હાથમાં માળા હોય કે ન હોય પણ

એક મંત્રના ગુંજનમાં રત રહે. કોઈ મનમાં ભજન કે શ્લોક ગણગણે-પણ ટોળપપ્પાં-વાતચીતને કોઈ ગુંજાઈશ જ નહિ. એટલે જાત સાથે સતત મૌન સંવાદમાં રહે.

પ્રકૃતિનાં પંચ મહાભૂતો-જળ, વાયુ, અગ્નિ(તેજ) ધરતી અને આકાશ-સતત આપણી મૂકભાવે સેવા બજાવતાં અનુભવાય. એટલે એક પ્રકારની ‘કૃતજ્ઞતા’ આપણામાં સતત છલકાયા કરે.

પૂ.શ્રી‘મા’ બહુ હળવેથી-ચૂપકીથી આપણને આપણા ‘આત્મા’ની સંનિકટ લાવીને મૂકી દે છે. જેમાંથી શાંત-પ્રસન્નતા રેલાતી રહે.

ધન-સંપત્તિ-પદપ્રતિષ્ઠા બધું જ બહાર-દૂરસુદૂર જતું રહે. ને કેવળ ‘સત્સંગ’ની સાત્ત્વિકતા બધાંના ચહેરા પર ચળક્યા કરે.

ધર્મને નામે યોજાતી શિબિરો, પરિસંવાદો, ઘોંઘાટો-અહમ્‌ભાવથી ઊભરાતાં હોય છે. જ્યારે અહીં પૂ.‘મા’ બહુ સૌમ્ય રીતે, શાંતિથી, કૃત્રિમ ગાંભીર્યથી દૂર એવી સહજ-અધ્યાત્મની સુગંધ પ્રસારે છે. આ આધ્યાત્મિક અભિયાનમાં પ્રવેશ થતાં જ આપણું મન કૃતાર્થતા અનુભવવા માંડે.

અહીં કોઈએ કશું મેળવવાતું, આપવા-લેવાનું નથી. પણ બધું એની મેળે ઘટિત થાય છે. અનાયાસે આપણામાં સદ્‌ગુણોનું વાવેતર થાય છે. સૌથી વિશેષ તો વનવિશ્રામનું આધ્યાત્મિક અભિયાન યાદ આપે છે કે;

‘ક્રમ ભલે હોય જીવન-મરણનો,
પણ આપણે ખીલીને ખરી નથી જવાનું;
વચ્ચે મહેકવાનું પણ છે.’

**–સંકલન**



# ॥ બટુક મહારાજ ॥

‘મહાપુરુષો હોય છે જ એવા ઉદાર દિલના, વિશાળ મનના તેમજ ગુણગ્રાહી. એ બીજાના રજ જેટલા સાધારણ ગુણને પણ મહત્ત્વ આપે છે ને પર્વત બરાબર કરીને પેખે છે એવું નથી કહ્યું ? યોગેશ્વરજી એવા જ લોકોત્તર ગુણદર્શી મહાપુરુષ છે એટલે મારા સંબંધી પોતાના પત્રમાં સારું જ લખેને ! તમે મને એમનો પત્ર વંચાવવા આવ્યા છો પણ એમાં જે લખ્યું છે તે આટલે દૂર બેસીને હું જ વાંચી દઉં. તે વાચન બરાબર છે કે નહિ તે તમે જોઈ લો.’

બટુક મહારાજના એ શબ્દો સાંભળીને ડૉક્ટરને આશ્ચર્ય થયું. એમને મેં સુરતથી પત્ર લખેલો તેમાં બટુક મહારાજ વિશે થોડુંક લખેલું. એ પત્ર લઈને એ બટુક મહારાજ પાસે ગયા તો બટુક મહારાજે ઉપર મુજબ ઉદ્‌ગાર કાઢ્યા એથી એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું; પરંતુ એથી પણ અધિક અસાધારણ આશ્ચર્ય તો એમને ત્યારે થયું જ્યારે બટુક મહારાજ દૂર બેસીને પત્રને હાથમાં લીધા સિવાય જ એમાં લખેલા એમના સંબંધી મારાં વાક્યોને બોલવા લાગ્યા.

‘બરાબર છે ?’ વાક્યોને વાંચી બતાવ્યા પછી એમણે પૂછ્યું.

‘હા. બરાબર છે.’ ડૉક્ટરે જણાવ્યું.

‘મારી કશી ભૂલ તો નથી થતી ?’

‘ના.’

ડૉક્ટરે પત્રને ખિસ્સામાં મૂકી દીધો.

બટુક મહારાજની વિશિષ્ટ શક્તિઓમાંની એકનો એવી રીતે એમને પરિચય થયો, અને એથી એ આભા બની ગયા.

પાછળથી મળવાનો સુયોગ સાંપડતાં એમણે મને એ પ્રસંગ કહી સંભળાવ્યો.

'એમની શક્તિ સાચેસાચ આશ્ચર્યકારક છે.' મેં મારી પ્રતિક્રિયાને પ્રકટ કરતાં કહ્યું : 'આવા કઠોર કલિકાળમાં, ઘોર સંક્રમણ કાળમાં પણ આવા લોકોત્તર પુરુષો વાસ કરે છે એ માનવજાતિનું મોટું ભાગ્ય છે. એમના સંબંધી સાંભળીને આપણને આનંદ થાય છે. કોઈવાર એમને મળવાનું થશે ત્યારે વધારે આનંદ થશે.'

એવા વિશિષ્ટ શક્તિસંપન્ન સત્પુરુષોને મળવાનું કોઈને માટે પણ આનંદકારક જ થાય. એમનો સમાગમ સુખદ ઠરે એમાં સંદેહ નહિ.

બટુક મહારાજ કોણ હતા ને કેવા હતા ? ડૉક્ટર દ્વારા જ મને એમની થોડીઘણી માહિતી મળી શકેલી. મુંબઈમાં એ એમના કોઈ ભક્તને ત્યાં અવારનવાર આવતા. એમણે એમના એ ભક્તને પોતાને મળવાના રહસ્ય વિશે જે કાંઈ કહેલું તે ખાસ યાદ રાખવા જેવું, અનોખું અને આશ્ચર્યકારક હતું. એમણે કહેલું કે મને મળવાની મરજી થાય ત્યારે તમારે મને યાદ કરીને ઘરમાં ઘીનો દીવો કરવો. જો હું મુંબઈમાં હોઈશ તો તે દિવસે તમારી પાસે આવી પહોંચીશ. પરંતુ જો ના આવું તો સમજી લેજો કે હું મુંબઈમાં નથી.

એ ભક્તે એવી રીતે પ્રયોગો કરેલા પણ ખરા. દીવો કરીને એમની પ્રતીક્ષા કરતા. અને એ દિવસે આવ્યા પછી એ તરત જ જણાવતા કે તમે આજે દીવો કરેલો ને ? એટલે જ હું આવી પહોંચ્યો છું. ભક્તને એમના શબ્દો સાંભળીને ખૂબ જ નવાઈ લાગતી. જે દિવસે દીવો કરવા છતાંપણ એ ના આવતા તે દિવસે એ સ્વાભાવિક રીતે જ સમજી જતા કે એ મહાપુરુષ



મુંબઈની બહાર છે. એ ભક્તે જ ડૉક્ટરને બટુક મહારાજનો પરિચય કરાવેલો. એ પછી ડૉક્ટર એક દિવસ બટુક મહારાજને મળવા ગયા. એમણે એમને કહ્યું કે યોગેશ્વરજીને મળવા ચાલો તો એ તરત જ બોલ્યા કે એ યોગેશ્વરજીને મારે મળવું છે તો ખરું પરંતુ અત્યારે નહિ આવી શકું. અત્યારે તો એ મુંબઈ છોડવાની તૈયારી કરી રહ્યા છે. કોઈવાર ભવિષ્યમાં વાત. એ એક ઉચ્ચ કક્ષાના મહાપુરુષ છે, વરસોથી હિમાલયમાં રહે છે ને સાથે એમનાં માતાજીને પણ રાખે છે. જગદંબાની એમની ઉપર કૃપા છે. એ સ્ત્રી માત્રને જગદંબાના સ્વરૂપ જેવી માને છે અને એવી રીતે જ જુએ છે. મારે ને સૌને માટે એ વંદનીય છે. હજુ તો એમની ખ્યાતિ ઘણી વધારે થશે અને લોકો એમને માન આપશે.

મારા વિશે એમણે એવી તો બીજી કેટલીય વાતો કહી બતાવી. એ સાંભળીને ડૉક્ટરને અતિશય આશ્ચર્ય થયું. એ વાતો એમની વિશિષ્ટ અસાધારણ આરાધના શક્તિની પરિચાયક હતી. એ દિવસે મારે ખરેખર મુંબઈથી નીકળવાનું હતું. ડૉક્ટરે સ્ટેશન પર મળીને મને બટુક મહારાજ વિશે બધી માહિતી આપી ત્યારે મને એમને માટે પ્રેમ અને આદરભાવ પેદા થયો. ભારતના એ પ્રકારના અસામાન્ય શક્તિસંપન્ન સત્પુરુષોમાં બટુક મહારાજનું સ્થાન ખૂબ જ ઉલ્લેખનીય અને આગળ પડતું લાગ્યું. સુરત જઈને મેં ડૉક્ટરને એમની અસાધારણતાને અભિનંદનનો પત્ર પણ લખી નાખ્યો.

બટુક મહારાજના પ્રત્યક્ષ સમાગમનો સુયોગ હજુ સુધી નથી સાંપડી શક્યો. એવો સમાગમ જ્યારે પણ સાંપડશે ત્યારે સુખદ ઠરશે અથવા આનંદ આપશે એમાં શંકા નથી. એ જ્યાં હોય ત્યાં એમને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે. એ ગુજરાતનું ગૌરવ છે.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ સેવાભાવી સાધુપુરુષ ॥

ગુજરાતના પુણ્ય પ્રદેશમાં છેલ્લા ત્રણેક વરસથી કેટલેય ઠેકાણે વરસાદ ના વરસવાથી દુષ્કાળની પરિસ્થિતિ રહી. મૂંગા પ્રાણીઓને અને માણસોને ખૂબ જ મુસીબતમાં મૂકાવું પડ્યું. ઘાસની, અનાજની, પાણીની તંગી રહી. પ્રજા કુદરતી કોપનો સામનો કરીને જેમતેમ કરીને જીવી રહી. એવે વિપરીત વખતે કેટલાક દેવદૂત જેવા માનવોએ પોતપોતાની સાધનસામગ્રી અને શક્તિની મર્યાદામાં રહીને ઠેકઠેકાણે સ્વેચ્છાએ સેવાકાર્ય ઉપાડી લીધું. એમાં નાના મોટા અનેકનો સહયોગ સાંપડી શક્યો. એ એક ઉજળું અને પવિત્ર પાસુ હતું. એની સ્મૃતિથી અંતર આનંદ અનુભવે છે.

જામનગર એના જ્ઞાનભક્તિભરપૂર ધાર્મિક વાયુમંડળને લીધે વખણાય છે તથા છોટી કાશી તરીકે ઓળખાય છે. ત્યાંના પ્રખ્યાત ભીડભંજન મહાદેવના મંદિરમાં એના સત્સંગ મંડળના આમંત્રણથી મારે એપ્રિલ ૧૯૭૪માં સૌથી પ્રથમવાર પ્રવચનો કરવા જવાનું થયું. ત્યાંના પ્રવચનો દરમિયાન માહિતી મળી કે પ્રવચનના સમય પછી રોજ સાંજે મંદિરના પ્રાંગણની એક બાજુએ કેટલાંય આબાલવૃદ્ધ ગરીબ લોકો એકઠા થાય છે, રામધૂન બોલે છે, અને એમને પ્રેમપૂર્વક જમાડવામાં આવે છે. એ માહિતી મેળવીને મને આનંદ થયો. એમાં પણ જ્યારે જાણવામાં આવ્યું કે એ પવિત્ર પ્રવૃત્તિના પ્રણેતા અને સંચાલક એક સાત્વિક સાધુપુરુષ છે ત્યારે તો મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. એક દિવસ એ સેવાભાવી સાધુપુરુષને મેં અભિનંદન આપ્યાં તો એમણે અત્યંત નમ્રતાપૂર્વક જણાવ્યું :



''ઈશ્વરનું કામ ઈશ્વર કરે છે. એને માટે અભિનંદનના સાચા એકમાત્ર અધિકારી તો એ છે. હું તો માત્ર નિમિત્ત છું.''

''ઈશ્વરના હાથમાં શુભ સેવાકાર્યમાં નિમિત્ત બનવું એ પણ કાંઈ જેવું તેવું ભાગ્ય નથી.'' મેં કહ્યું.

''એ ભાગ્ય પણ એ જ આપે છે. એ એમની કૃપા છે.''

એ મને મંદિરની એક તરફ લઈ ગયા. ભોજન માટે ભેગાં મળેલાં લોકોની સંખ્યા સાતસો જેટલી હતી. એમનાં મુખમંડળ અને શરીર પરથી લાગ્યું કે એ બધાં જ અભાવગ્રસ્ત હતાં. ભગવાનનું નામસંકીર્તન ચાલુ હતું ત્યારે જ એમને પીરસવામાં આવ્યું. એ પછી સૌએ શાંતિપૂર્વક ભોજન કર્યું ને વિદાય લીધી. મારા પર એ પ્રવૃત્તિનો પ્રભાવ ઘણો સારો પડ્યો. બીજા દિવસના મારા પ્રવચનમાં મેં એનો સુચારુરૂપે પરિચય કરાવ્યો.

બે ત્રણ દિવસ પછી એ સાધુપુરુષે માતાજીને જણાવ્યું : ''યોગેશ્વરજીની અમારી ઉપર ખાસ કૃપા છે. તેમનો ખાસ આભાર માનવાનો છે.''

''કેમ ?''

''એમણે એમના પ્રવચનમાં મારા કામની જાહેરાત કરી છે ત્યારથી અમારી ભિક્ષાની સામગ્રી ખૂબ જ વધવા માંડી છે. જનતા ખૂબ જ પ્રેમથી આપે છે.''

''ઘણું સારું છે. સારા કામની જાહેરાત કરવી જોઈએ. તમે આટલી બધી મહેનત કરો છો તો એમને તો અંજલિ જ આપવાની છે.''

મહેનત પણ કેવી ? એ સાધુપુરુષ બીજા બેત્રણ સાધુઓ સાથે ૧૧॥-૧૨ના સમયે ખભે કાવડ લઈને ઘંટડી વગાડતા ને

રામધૂન કરતા ઉઘાડા પગે મંદિરમાંથી પ્રસ્થાન કરતા. શહેરના જુદા જુદા લત્તાઓમાં ફરીને જે મળે તે ભિક્ષાસામગ્રી ભેગી કરીને બપોરે ત્રણેક વાગ્યા પહેલાં પાછા ફરતા. પછી પોતે એ ભિક્ષાન્નમાંથી આવશ્યકતાનુસાર ભોજન કરતા. ગરીબોને માટે જરૂર જણાતાં લગભગ રોજ શાક અને ઘી વગરની લાપસી તૈયાર કરાવતા. એની સાથે ભિક્ષાની ભેગી થયેલી સામગ્રી સાંજે ગરીબોને પીરસાવતા. એમની એ પ્રવૃત્તિ વરસોથી ચાલ્યા કરતી. એ પ્રવૃત્તિને માટે કોઈ મકાન ન હતું, સ્વતંત્ર સદ્ધર ફંડ ન હતું, કાર્યકર્તાઓનું સુસંગઠિત સારું દળ પણ ન હતું. સાધુપુરુષના ઉત્સાહ, પ્રેમ ને સેવાભાવને લીધે સઘળું ચાલ્યા કરતું. એમને મહંત બનીને બેસી રહેવાને બદલે મહેનતુ સેવક બનવાનું પસંદ પડેલું. મને થયું કે આવા થોડાક સેવાભાવી સાધુપુરુષો સમાજમાં પેદા થાય ને સ્થળે સ્થળે પોતપોતાની આગવી રીતે સેવાપ્રવૃત્તિ કરે તો સમાજને કેટલો બધો લાભ થાય ?

ત્યાંથી નીકળતી વખતે એ સર્વોપયોગી સેવાકાર્યમાં સહાયતા કરવા માટે મેં થોડીક રકમ આપી. સાધુપુરુષને એની માહિતી મળતાં મને એમણે પોરબંદરને સરનામે પત્ર લખ્યો. એ પત્રમાં આર્થિક મદદ માટે આભાર દર્શાવેલો. આભારદર્શનની કશી આવશ્યકતા તો હતી નહિ, કારણ કે સમાજના શુભ સેવાકાર્યમાં સૌએ યથાશક્તિ ફાળો આપવો જોઈએ એવું સમજીને મેં તો મારું કર્તવ્ય જ બજાવેલું.

એ સેવાભાવી સાધુપુરુષનું નામ ‘રામરોટીવાળા મહારાજ’ હતું. રામરોટી પહોંચાડવાનું કાર્ય કરતા હોવાથી એમનું એ નામ પ્રચલિત બનેલું.

**–શ્રીયોગેશ્વરજી**



## ॥ સાંઈબાબાની શક્તિનો પરિચય ॥

શિરડીના સમર્થ સંતશિરોમણી શ્રી સાંઈબાબાને કોણ નથી જાણતું ? એ બ્રહ્મલીન સંતની અસાધારણ શક્તિના પરચા અનેકને મળ્યા છે. આ મહાપુરુષે ઈ.સ.૧૯૧૮માં સમાધિ લીધી ત્યાર પછી-આજ સુધી પણ અનેકના જીવનમાં એમણે પ્રેરણા ભરીને જીવનપંથ ઉજાળ્યો છે.

મને પોતાને એમની આવી શક્તિનો લાભ ઘણી વાર મળ્યો છે. એમના પરચાનો ઉલ્લેખ મેં પ્રસંગોપાત કર્યો પણ છે. એવો જ એક વધુ પ્રસંગ અહીં આપું છું.

મુંબઈથી શિરડીધામ જવા માટેનો રસ્તો ધાર્યો જેટલો સહેલો ત્યારે નહોતો. આજે તો સીધી સ્પેશીયલ બસસર્વીસ શરૂ થઈ છે. ત્યારે કંટાળાજનક પ્રવાસ હોવા છતાં હું સાંઈબાબાની પ્રેરણાથી શિરડીધામની મુલાકાતે જતો.

સાત વર્ષ પહેલાં મારે શિરડી જવાનું થયું ત્યારે તો મેં સમાધિસ્થાનમાં ઊભા રહી, મારી સાથે આવેલાં ભાઈબહેનો સાંભળે તેમ સાંઈબાબાને ઉદ્દેશીને કહ્યું, ‘આજ સુધી તો આપની પ્રેરણા અથવા સૂચનાને માન આપી હું અહીં આવ્યો છું પરંતુ મને થાય છે, કે આટલું કષ્ટ વેઠી અહીં શા માટે આવવું ? બીજાને અનેક પ્રકારની આશા કે જિજ્ઞાસા હોવાથી આવે પણ મારે એવી કોઈ જરૂર નથી. દરેક વખતે તમારી પ્રેરણાથી આવ્યો છું. પણ હવે તો તમે પ્રેરણા કરશો તોય નહિ આવું. હવે તમારે મને અહીં લાવવો જ હોય તો કોઈ મોટરની વ્યવસ્થા કરશો તો જ આવીશ. તમારી અમાપ શક્તિ જોતાં તમારે માટે કશું અશક્ય નથી. મુશ્કેલ પણ નહિ.’

આમ બોલી સાંઈબાબાને પ્રણામ કરી અમે પાછા ફર્યા. આ વાતને ત્રણ વર્ષ થઈ ગયા. એ દરમ્યાન શિરડી આવવાની સૂચના મળી પણ હવે એમ શિરડી જવાય ? શરત પ્રમાણે જરૂરી વાહન (મોટર) એમણે મોકલવું જ જોઈએ, નહિ તો મને ત્યાં લઈ જવાનો આગ્રહ જ ન રાખે.

મુંબઈમાં એકાદ બે ઓળખીતા ગૃહસ્થોને આડકતરી રીતે વાત કરી જોઈ, પણ મુંબઈ બહાર મોટર મોકલવા તેઓ તૈયાર નહોતા. મને શ્રદ્ધા હતી, કે સાંઈબાબાની તીવ્ર ઈચ્છા હશે તો એ કોઈના દિલમાં પ્રેરણા કરી ધારેલું કામ કરી આપશે.

એ વખતે વાલકેશ્વરના એક આરોગ્યભુવનમાં મારો સત્સંગ ચાલતો. તેમાં એક મોટી વયનાં ભાવિક બહેન પણ આવતાં. તેમની આર્થિક હાલત ઘણી સારી હતી. પ્રવચન પૂરું થયા બાદ એકવાર એમણે મને પૂછ્યું, 'તમે ક્યાંય ફરવા જતા નથી ?'

'કેમ ? હું રોજ જાઉં છું.' મેં કહ્યું.

'પગે ચાલીને જાવ છો ?'

'હા, મોટે ભાગે તો પગે ચાલીને જાઉં છું. કોઈવાર બહુ દૂર જવાનું હોય તો ટેક્ષી કરી લઉં છું.'

'મને પણ કાંઈક સેવાનો લાભ આપો ને ! મારી મોટર છે. તમે કહેશો ત્યારે મારો ડ્રાઈવર તમને ફરવા લઈ જશે.'

'જોઈશ.' મેં ટૂંકેથી પતાવ્યું.

પછી પણ એ બહેને ત્રણ-ચાર વખત મોટરની સેવા બજાવવા કહ્યું, એમનો ભાવ તથા આગ્રહ જોઈ મેં સ્પષ્ટ વાત કરી દીધી, 'મારે મોટરની જરૂર છે. પણ મુંબઈમાં ફરવા માટે નહિ. મારે તો શિરડીધામ મોટર લઈ જવી છે.'

'કેટલા દિવસ માટે ?'



'ત્રણેક દિવસ થાય.'

આ સાંભળી પેલાં બહેને કહ્યું, 'મોટર તમારી જ છે. હું ઘેર જઈ એમને પૂછી જોઈશ. એ 'ના' તો નહિ પાડે.'

'તો તમે પૂછીને જવાબ આપજો.'

પછી એ બહેન ગયાં એટલે મને થયું, સાંઈબાબાએ પોતાની ઈચ્છાનો અમલ કરવાની તૈયારી તો કરવા માંડી લાગે છે નહિ તો થોડા મહિનાથી પરિચયમાં આવેલાં બહેન આટલા પ્રેમભાવથી બોલે જ કેમ ?

પરંતુ બીજા દિવસથી ત્રણ-ચાર દિવસ સુધી પેલાં બહેન દેખાયા જ નહિ. સત્સંગમાં આવતાં એમની બાજુમાં રહેતાં એક બહેને મને કહ્યું, 'એ તો ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયાં છે.' વધુ ખુલાસો કરતાં એણે વાત વિસ્તારીને કરી. ઘેર જઈને એમણે પતિદેવને મોટરની વાત કરી તો એકાએક ઉશ્કેરાઈને તેણે કહ્યું, 'સાધુ સંતો માટે 'કાર' નથી લીધી સમજી ? આજથી તારે 'સત્સંગમાં પણ નથી જવાનું.''

હું બધી વાત સમજી ગયો. અમુક ભાઈઓ કહેવા લાગ્યા, 'આના કરતાં ટ્રેનમાં જાવ તો શું ખોટું ? રીઝર્વેશન કરાવી લઈએ. કશી તકલીફ નહિ પડે.' પણ મારું મન માન્યું નહિ.

ત્રણ-ચાર દિવસ પછી પેલાં મોટરવાળા બહેન સત્સંગમાં આવવા લાગ્યાં, પણ મોટરની વાત એમણે કાઢી જ નહિ. મને પણ સામે ચાલીને પૂછવાનું ઠીક ન લાગ્યું. મેં વિચાર્યું. ઘણીવાર માણસની ભાવના હોવા છતાં પ્રતિકૂળ સંજોગોને લીધે તેનો અમલ થઈ જ શકતો નથી.

બીજા ત્રણ દિવસ પસાર થઈ ગયા. ચોથે દિવસે સત્સંગ પૂરો થઈ ગયા પછી પેલાં બહેને મને પૂછ્યું, 'તમારે શિરડી ખરેખર જવું જ છે ?'

'હા, કેમ આમ પૂછો છો ?'

'તમારે મોટર ક્યારે જોઈએ ?' મને બીજો પ્રશ્ન કર્યો. હું એમની સામે તાકી રહીને બોલ્યો.

'જ્યારે મળે ત્યારે. રવિવારે પણ ચાલે. શું તમારી મોટરકાર મળી શકે તેમ છે ?'

'હા, પહેલાં તો એમણે ક્રોધે ભરાઈ સાફ 'ના' પાડેલી, પણ આજે સવારે એમના મનને કોણ જાણે શું થયું કે એમણે જ એ વાત યાદ કરી મોટર આપવા હા પાડી છે.'

એટલામાં તો પેલા ભાઈ આવી પહોંચ્યા. રવિવારે શિરડી જવાનું નક્કી થતાં મેં પેટ્રોલખર્ચ આપવા કહ્યું, એટલે તે બોલ્યા, 'અમે તમારા જેવા સાધુ પુરુષ પાસેથી પેટ્રોલનો ખર્ચ લઈએ ? સંતસેવાનો લાભ મળશે એ જ સાચું ધન છે. હા, ડ્રાઈવર જરા ચાહનો રસિયો છે, એને જાળવી લેજો !'

'એની ચિંતા તમે ન કરતા, પણ તમને બે-ત્રણ દિવસ તકલીફ પડશે.'

'એનો કાંઈ વાંધો નહિ. રવિવારે અગિયાર વાગે ડ્રાઈવર સાથે મોટર લઈ આવી પહોંચીશ.'

અમે રવિવારે મોટરમાં શિરડી જવા ઊપડ્યા, ત્યારે પેલા ભાઈએ કહ્યું, 'શાંતિથી યાત્રા કરજો.'

એ બહેનની આંખ ભરાઈ આવી. એમના પતિદેવના મનમાં પલટો લાવનાર ને મારો નિર્ધાર સફળ કરનાર સાંઈબાબા જ હતા. એમની અગમ્ય શક્તિએ જ અનુકૂળતા કરી આપી હતી.

શિરડીના સમાધિમંદિરમાં સાંઈબાબાની પ્રતિમા સમક્ષ ઊભા



રહી, હાથ જોડી મેં એમનો આભાર માન્યો અને કહ્યું, 'મને અહીં લાવો ત્યારે મોટરમાં જ લાવશો તો સારું, છતાં દરેક સંજોગોમાં તમારા પ્રત્યેનો મારો પ્રેમભાવ ટકી રહે એવું તો અવશ્ય કરજો.'

પ્રતિમા સજીવ બની. જાણે કે મારા શબ્દો સાંભળી સાંઈબાબા સ્મિત કરવા માંડ્યા !

*

—શ્રીયોગેશ્વરજી

## ॥ મહાત્મા પુરુષોની અમોઘ શક્તિ ॥

ઉત્તરાખંડના પવિત્ર પ્રદેશમાં આવેલ નિસર્ગરમ્ય સ્થળ દેવપ્રયાગ બહુ જ સોહામણું છે. હરદ્વાર અને ઋષિકેશથી આગળ વધી, બદરી-કેદારની યાત્રાએ જનારના માર્ગમાં એ સ્થળ તો આવે જ.

ઊંચા પર્વતોની ગોદમાં વસેલા એ સ્થળમાં પ્રવેશતાં જ પ્રવાસીનું મન મુગ્ધ બની, છલકાઈ ઊઠે છે. અલકનંદા અને ભાગીરથી નદીના સંગમની આજુબાજુ વસેલું દેવપ્રયાગ, ખરેખર, એના નામ પ્રમાણે દેવોના પ્રયાગ જેવું જ દેખાય છે.

આજથી લગભગ વીશ વર્ષ પહેલાં ત્યાં એક એકાંતપ્રિય મહાત્મા રહેતા. એમની વય ઘણી નાની હોવા છતાં, દેવપ્રયાગના લોકો એમને ખૂબ પૂજ્યભાવે જોતા. એ મહાત્મા ગામથી થોડે દૂર જંગલમાં આવેલ કોઈ જમીનદારના મકાનમાં રહેતા. લોકો સાથે એમનો બહુ ઓછો-જરૂર પૂરતો જ સંપર્ક રહેતો. તેમનો મોટાભાગનો સમય સાધના તેમજ આત્માનુસંધાનમાં પસાર થતો.

એકવાર તેઓ રહેતા એ મકાનના માલિક-જમીનદારે એમને ત્યાં આવીને કહ્યું, 'મારા જીવનમાં સર્વ પ્રકારનું સુખ છે-પણ પુત્રસુખની ઊણપ છે, એથી મારી માતાનું મન ઉદ્વિગ્ન રહે છે. ઘરમાં પણ શાંતિ રહેતી નથી.'

'પુત્ર થવાથી શાંતિ મળશે જ એમ કેમ માનો છો ?' મહાત્માએ પૂછ્યું, 'સંતાનથી કોઈને શાંતિ મળી છે ? તમે તો પંડિત અને વિચારશીલ છો, એટલે સહેલાઈથી સમજી શકો છો કે શાંતિ બહારથી નહિ, પણ પોતાની અંદરથી જ મળે છે.'

'છતાં મારે પુત્ર જોઈએ છે, ને મને ખાત્રી છે, કે પુત્રપ્રાપ્તિ નહિ ત્યાં સુધી મારું ચિત્ત અશાંત જ રહેશે.' પંડિત-જમીનદાર બોલ્યા.

'તમારે બે પુત્રીઓ છે તેને પુત્રસમોવડી માની લો તો ?'

'નથી માની શકતો એટલે હૃદય દુઃખી રહે છે.' અને થોડી વાર શાંત રહ્યા બાદ જમીનદાર આગળ બોલ્યા, 'મને અત્યારની સ્ત્રીથી પુત્ર નહિ મળી શકે, એમ મારા ગ્રહયોગો કહે છે. જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત હોવાનો મારો દાવો છે અને કુંડલીનો અભ્યાસ તથા ગણતરીથી મેં જાણી લીધું છે, કે આ પત્ની મને પુત્ર નહિ આપી શકે. બીજી પત્ની કરવી જ પડશે.'

જમીનદારની આવી વાત સાંભળી મહાત્માપુરુષે ચમકીને પૂછ્યું, 'બીજી પત્ની ? તમારા જેવા પંડિત અને શાણા પુરુષ એક બીજી સ્ત્રી કરે તે શું સારું કહેવાય ? એથી તમારી અત્યારની સ્ત્રીને કેટલું દુઃખ થાય તેનો વિચાર તો કરી જુઓ. વળી સામાન્ય લોકો ઉપર પણ તેની છાપ કેવી પડે ? તમારું



વર્તન તો લોકદષ્ટિએ પણ આદર્શ અને અનુકરણીય હોવું જોઈએ.'

મહાત્માના આ શબ્દોની કોઈ અસર જમીનદાર ઉપર થઈ નહિ. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી નાખ્યું, 'મેં તો બીજી પત્ની કરવાનો નિર્ણય કરી લીધો છે-અને આપના આશીર્વાદ માટે જ અહીં આવ્યો છું.'

'આવા અયોગ્ય કાર્ય માટે મારા આશીર્વાદ કેમ મળે ? તમે બીજી પત્ની કરીને અત્યારની સ્ત્રીના જીવનને વધારે દુઃખી બનાવી દેશો. અને એ બીજીને પણ પુત્ર નહિ થાય તો શું કરશો ?'

'બીજી પત્નીને જરૂર પુત્ર થશે.'

'તમે શી રીતે જાણ્યું ?'

'મારા ગુરુનો પણ એ જ અભિપ્રાય છે. તેઓ જ્યોતિષના ખૂબ અભ્યાસી અને અનુભવી છે. ગઢવાલમાં જ નહિ, પણ ભારતમાં ય એમના જેવા જ્યોતિષાચાર્ય ભાગ્યે જ મળી શકે. છેલ્લા બે દિવસથી તેઓશ્રી મારે ત્યાં પધાર્યા છે—એમના પ્રત્યે મને ભારે શ્રદ્ધા-ભક્તિ છે, અને એમના આશીર્વાદ પણ મને મળી ગયા છે.'

'ત્યારે તો બીજાં લગ્ન કરવાના છો ?'

'જરૂર. મારો એ નિર્ધાર છે.' જમીનદાર બોલ્યા.

'મને તમારો આ વિચાર પસંદ નથી.' મહાત્મા મક્કમતાથી બોલ્યા.

'પણ મારા ગુરુને પસંદ છે, એટલે મને નિરાંત છે.'

'મારો અંતરાત્મા કહે છે, કે તમારા ગુરુજીનું કથન બરાબર

નથી. મારું માનો તો હજુ પણ નિર્ણય બદલો અને બીજું લગ્ન કરવાનું માંડી વાળો. તમને પુત્રસુખ મળશે પણ તે નવી પત્નીથી નહિ; જૂની સ્ત્રીથી જ મળશે. હું ઈશ્વરની અનંત કૃપાથી એ જાણી શક્યો છું.'

'આપની વાતમાં મને શ્રદ્ધા નથી બેસતી.' જમીનદારે કહ્યું.

'તો પછી જોયા કરો. મારી આગાહી જરૂર સાચી પડશે.' મહાત્મા પુરુષ આટલું બોલી પોતાના કામમાં લાગી ગયા-ને પંડિતજી પોતાના ઘર તરફ વળ્યા.

એ પછી પંદર દિવસમાં જ પેલા જમીનદાર-પંડિતે ફરીથી લગ્ન કર્યું. અલબત્ત, ધામધૂમથી નહિ-પણ શાંતિથી ગુપ્ત રીતે. એમની જૂની પત્ની અણમાનીતી બની, આંસુ સારતી રહી.

આ વાતને લાંબો સમય થઈ ગયો. નવી પત્નીને એક પુત્રી થઈને ગુજરી ગઈ. બીજી દીકરી આવી. પંડિતજી અને નવી સ્ત્રી પુત્રની આશામાં દિવસો પસાર કરવા લાગ્યાં.

બીજા લગ્ન પછી ત્રણેક વર્ષે પંડિતજી એક વાર પેલા મહાત્મા પુરુષને લઈ, દેવપ્રયાગથી દશ-બાર માઈલે આવેલા 'ચંદ્રવદની દેવી'ના એકાંત સ્થળે થોડાક દિવસો રહેવા અને એક શેઠનું અનુષ્ઠાન કરવા ગયા. અનુષ્ઠાન પૂરું કરી, બીજા બે-ત્રણ પંડિતો સાથે, પર્વત પરથી નીચે ઊતરી રહ્યા હતા ત્યારે રસ્તામાં, એક ભાઈનો મેળાપ થયો, એ ભાઈએ કહ્યું :

'હું આપને ખાસ શુભ સમાચાર આપવા આવ્યો છું. તમારે ઘેર આજે પુત્રજન્મ થયો છે.'



પંડિતજીના આનંદનો, આ શુભ સંદેશ સાંભળી, પાર રહ્યો નહિ. એમની લાંબા સમયની એક માત્ર આશા પાર પડી હતી.

'પુત્ર કોની કૂખે આવ્યો ?—નવીને કે જૂનીને ?' મહાત્માએ પૂછ્યું.

'જૂની સ્ત્રીને.' વધામણી લાવનાર ભાઈ બોલ્યો.

'ઈશ્વરે સારું કર્યું. એને ન્યાય મળ્યો. હવે તે શાંતિથી જીવી શકશે.'

—અને પેલા જમીનદાર-પંડિત મહાત્મા પુરુષના પગમાં પડી ગયા.

થોડા મહિના પછી પેલી નવી પત્નીને ક્ષયરોગ લાગુ પડતાં તે મરણ પામી અને એ ઘટનાને વધારે વખત વીતે તે પહેલાં જૂની સ્ત્રી પણ મૃત્યુ પામી. એની યાદગીરી સાચવતો પુત્ર આજે તો ઘણો મોટો થઈ ગયો છે અને હાઈસ્કૂલમાં ભણે છે.

પેલા મહાત્મા પુરુષે પણ દેવપ્રયાગ છોડી દીધું છે. પરંતુ આ ઘટનાના સાક્ષીરૂપ પંડિતજી તેમજ એમના સાથીદાર દેવપ્રયાગમાં હજુ છે.

મહાત્મા પુરુષોની વાણીની અમોઘતાનો આ પ્રેરણાદાયક પ્રસંગ છે. જ્યોતિષનો પ્રકાશ નથી પહોંચતો ત્યાં અવધૂત-યોગીઓની આત્મજ્યોતિ પહોંચી જાય છે. એમની અમોઘશક્તિ બીજી બધી શક્તિઓથી વધી જાય છે, તેની પ્રતીતિ આ પ્રસંગ સહેલાઈથી કરાવી આપે છે. એવા મહાત્મા પુરુષોની અસીમ શક્તિને આપણાં વારંવાર વંદન !

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ દેવીનો અદ્ભુત આવેશ ॥

હિમાલયના પવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશ ઉત્તરાખંડનું સુંદર દેવસ્થાન દેવપ્રયાગ. જેમને પણ એ લોકોત્તર અસાધારણ સૌન્દર્યસંપન્ન સ્થાનવિશેષના અવલોકનનો લાભ મળ્યો હશે એ એને કદાપિ નહિ ભૂલ્યા હોય. એનું મુખ્ય આકર્ષણ અલકનંદા અને ભાગીરથીનું સુંદર સંગમસ્થળ છે. બદરીનાથના પુણ્યપ્રદેશ તરફથી આવનારી અલકનંદા અને ગંગોત્રીની આગળની હિમાચ્છાદિત પર્વત પંક્તિઓમાંથી પ્રવાહિત થનારી ભગવતી ભાગીરથી બંનેનું ત્યાં સુખદ સંમિલન સધાય છે. અલકનંદા શાંત દેખાય છે ને ભાગીરથી ભાવોદ્રેકથી ભરાઈને અસાધારણ આવેગમાં આવીને એને આલિંગન આપવા આગળ વધે છે. ઘડીભર એમ થાય છે કે આ જ આનંદદાયક દૃશ્યને જોયા જ કરીએ. એને અવલોકીને મન ધરાતું નથી. ઉપરામ નથી બનતું, ને ત્યાંથી હઠવાની ઈચ્છા નથી કરતું. એની મંત્રમુગ્ધતા એવી મોટી હોય છે.

વરસો પહેલાં એ સંમોહક સુંદર સંગમસ્થળ પર બેસીને રાતના શાંત સમયે અમે વાર્તાલાપ કરી રહેલા.

'ચંદ્રવદની દેવીનું સ્થાન કેટલું બધું શાંતિદાયક ને સુંદર લાગે છે !' મારી બાજુમાં બેઠેલા દેવપ્રયાગના જ્યોતિષાચાર્ય પ્રસિદ્ધ પંડિત ચક્રધરજીએ જણાવ્યું.

'ઘણું સુંદર ને શાંતિદાયક લાગે છે.' મેં સૂર પુરાવ્યો.

'ચંદ્રવદની દેવીનું દર્શન આજે થઈ શકે ?'

'જરૂર થઈ શકે. એને માટેની ભાવના, લગની કે તાલાવેલી હોય તો જરૂર થઈ શકે.'

'એ કોઈની અંદર પ્રવેશ કરી શકે ?'

'એમની ઈચ્છા હોય તો જરૂર પ્રવેશ કરી શકે. એમની શક્તિ



અલૌકિક હોવાથી એમને એમ કરતાં કોણ રોકી શકે તેમ છે ?'

પંડિતજી સહેજવાર શાંત રહીને કહેવા લાગ્યા : 'મારું કહેવાનું તાત્પર્ય જરા જુદું છે. અહીં એક સ્ત્રી રહે છે. એને વરસમાં બે વાર ચૈત્ર અને આસો મહિનાની નવરાત્રિ દરમિયાન નવમીની રાતે ચંદ્રવદની દેવીનો આવેશ આવે છે. એ પરણેલી ને સંતાનવાળી છે. આમ તો એની અંદર કોઈ પ્રકારની વિશેષતા કે સંસ્કારિતા નથી દેખાતી. એ તદ્દન નિરક્ષર જેવી છે.'

'આપણી સ્થૂળ ઉપલક દૃષ્ટિએ એનામાં કોઈ વિશેષતા ના દેખાતી હોય એનો અર્થ એવો નથી કે કોઈ પ્રકારની વિશેષતા હશે જ નહિ. એના આ જન્મના નહિ તો જન્માંતરના સંસ્કારો ચંદ્રવદની દેવી સાથે સંકળાયેલા હશે. એ અદૃષ્ટ આધ્યાત્મિક સંસ્કારોના અનુસંધાનમાં જ એની ઉપર દેવીની અનુગ્રહવર્ષા વરસતી હશે. કશું અકારણ તો નથી જ હોતું. કોઈવાર કારણ દેખાય છે તો કોઈવાર નથી દેખાતું; કોઈ વાર સમજાય છે તો કોઈ વાર નથી સમજાતું; તો પણ હોય છે તો ખરું જ. આ જીવનમાં પણ એ સન્નારીનું હૃદય સરળ, સીધું અને નિષ્પાપ હશે.'

'હા. એનો સ્વભાવ તો સાત્ત્વિક છે.'

'બસ ત્યારે સ્વભાવની સાત્ત્વિકતા હોય તે પણ ઘણી મહત્ત્વની ને મોટી લાયકાત કહેવાય છે.'

એટલામાં તો કોઈની ઉપરાઉપરી ચીસો સંભળાઈ. રાત્રીની હૃદયસ્થ શાંતિને ભેદનારી એ સુતીક્ષ્ણ ચીસો પાસે ને પાસે આવવા લાગી. સંગમના ઘોર અવાજમાં પણ એને સહેલાઈથી સાંભળી શકાય.

અમે ઘાટ પરથી ઊભા થઈને એ દિશામાં જોવા લાગ્યા. આજુબાજુના અંધકારમાં કશું ના દેખાયું.

પંડિતજીએ કહ્યું : 'પેલી ચંદ્રવદની દેવીના આવેશવાળી સ્ત્રી

જ આવતી લાગે છે. આજે નવરાત્રીનો છેલ્લો દિવસ છે, નવમીનો. મને યાદ આવ્યું.'

'બરાબર છે. પરંતુ એ આ તરફ શા માટે આવે છે ?'

અવાજ પાસે ને પાસે આવતો જતો'તો. જોતજોતામાં તો અંધકારથી ભરેલા ઘાટનાં પગથિયાં પરથી દિવસના પ્રખર પ્રકાશમાંથી ચાલતી હોય એમ એ સ્ત્રી દોડતી દોડતી છેક અમારી આગળ નીચે આવી પહોંચી. અમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એટલા બધા અંધકારમાં સારી આંખવાળાથી પણ સંભાળીને પગ મૂકીને આગળ વધી શકાય તેમ હતું. ત્યારે એ ઉતરાણવાળા સાંકડા અને વાંકાચૂંકા માર્ગ પરથી વાયુવેગે દોડતી આવી. એવી રીતે દોડવાથી જરાક પણ ભૂલ થાય તો નીચે પાણીના પ્રબળ પ્રવાહમાં પડી જવાની સંભાવના હતી. છતાં પણ એ સ્ત્રી સહીસલામત રીતે રમત રમતી હોય એમ આવી પહોંચી એથી અનુમાન કરી શકાયું કે એની અંદર કોઈક અલૌકિક શક્તિ કાર્ય કરી રહી છે. એની કેટલેય પાછળ એના ઘરના ને પરિવારના માણસો ફાનસ તથા બેટરી લઈને ધીમે પગલે ખૂબ જ સંભાળપૂર્વક આવી રહેલા. એ હજુ ઘાટ પર પહોંચ્યા પણ ન હતા. સ્ત્રીનું શરીર કૃશ હતું. ઉંમર નાની, પચીસથી ત્રીસની દેખાતી. એના કેશ કમર સુધી પહોંચવાનો પ્રયાસ કરતાં છૂટા પડી ગયેલા. હાથમાં દેવીનું ત્રિશૂળ હતું. એની નિર્ભયતા તથા હિંમત અદ્‌ભુત લાગી.

અમારી પાસે પહોંચીને સહેજવાર રોકાઈને એ ચક્રધરજીને ઉદ્દેશીને બોલી : પંડિત, ડરો નહિ. હું ચંદ્રવદની છું. ચંદ્રવદની દેવી.

તેણે આગળ લંબાવ્યું : 'તુમ્હારે પંડે લોંગોંકા જો મુકદ્દમા ચલ રહા હૈ ઉસમેં ઉન લોગોંકા વિજય હોગા. મેરે વચનમેં વિશ્વાસ રખના. ઉનકા જરૂર વિજય હોગા.'



તે દિવસો દરમ્યાન પંડાજનનો કેસ ચાલી રહેલો. તેમાં વિજય મળે તે માટે દેવપ્રયાગના રામચંદ્રજીના મંદિરમાં કેટલીક વાર રામાયણના સુંદરકાંડનો પાઠ પણ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવતો. લગભગ ત્રણેક વરસ કેસ ચાલ્યો ને તેમાં અંતે પંડાજનોનો વિજય થયો. એ કેસની વિગતમાં ઉતરવાની અહીં જરૂર નથી.

અમારી તરફ દૈવી દૃષ્ટિપાત કરીને એ હાથમાં ત્રિશૂળ સાથે ઝડપથી આગળ વધી. સંગમના પાણીમાં સાંકળ પકડ્યા વિના સ્નાન કરવાનું શક્ય નહોતું. આસો મહિનો અને રાતનો સમય એટલે પાણી બરફ જેવું ઠંડું હતું. તો પણ એમાં કૂદીને એ નહાવા પડી. ઉપરાઉપરી ત્રણેક વાર ડૂબકી મારીને બહાર નીકળીને પૂર્વવત્ પોકારોએ વળી પાછી વાયુવેગે દોડતી પગથિયાં ચઢતી આગળ વધી અને જોતજોતામાં આજુબાજુના અંધકારમાં અદૃશ્ય થઈ ગઈ. વાતાવરણમાં થોડાક વખત સુધી એના પોકારોના પડઘા સંભળાયા. ઘેર પહોંચ્યા પછી એનો આવેશ આપોઆપ શાંત થયો.

કહે છે કે નવરાત્રીની પ્રત્યેક નવમીએ રાતે એની અંદર એવી રીતે ચંદ્રવદની દેવીનો પ્રવેશ થતો. સંગમમાં સ્નાન કરીને ગયા પછી એનો આવેશ શમી જતો અને એ સાધારણ સ્ત્રી જેવો વ્યવહાર કરવા લાગતી. એનાં લક્ષણો બદલાઈ જતાં. દેવપ્રયાગથી દસેક માઈલ દૂર આવેલ ચંદ્રવદની દેવીના સ્થાનની સર્વાધિષ્ઠાત્રી દેવી એના પર કર્મના કયા સંબંધને અનુસરીને અનુગ્રહની વર્ષા વરસાવતી તેની કોઈને ખબર નહોતી પડતી. પરંતુ એના પરિણામને પેખી શકાતું.

આ અવનીમાં આપણી સામાન્ય બુદ્ધિથી સહેલાઈથી ના સમજાય એવાં અનેક રહસ્યો રહેલાં છે, માણસે જે જાણ્યું છે તે તો સિંધુનું બિંદુ છે. હજુ બીજું ઘણું ઘણું જાણવાનું ને પામવાનું બાકી છે. ખાસ કરીને આત્માની અદ્‌ભુત દુનિયામાં.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ મોહરહિત ઉપાસક ॥

બહારથી સાધારણ ને નાના જેવા દેખાતા માણસોમાં કોઈવાર ઘણી મોટી અને અસાધારણ શક્તિ સમાયેલી હોય છે. એ શક્તિનું દર્શન કરીને આશ્ચર્યચકિત બની જઈએ છીએ. અને મંત્રમુગ્ધ થઈ વિચારીએ છીએ પણ ખરા, કે જગતમાં હજુ શક્તિસંપન્ન માનવરત્નોનું અસ્તિત્વ છે ખરું.

એથી ઉલટું, કેટલીકવાર બહારથી અસાધારણ, આકર્ષક અથવા મોટા દેખાતા માનવીઓ, યોગ્યતા અથવા શક્તિની નજરે પામર અને અલ્પ દેખાય છે, અને ગુણવત્તાથી પણ રહિત લાગે છે.

ચમેલી અને મોગરાનાં પુષ્પો હોય છે તો ખૂબ નાનાં પણ એમની સુવાસ કેટલી જાણીતી છે ! જ્યારે બીજાં ઘણાં પુષ્પો બહારથી મોટાં અને સુશોભિત દેખાતાં હોવા છતાં પરિમલ વગરનાં હોય છે.

અહીં મારે બહારથી સાધારણ, પરંતુ અંદરથી અસાધારણ એવા એક પ્રતાપી પુરુષની વાત કહેવાની છે.

વાત તાજેતરની અને સાચી બનેલી છે. એ પુરુષમાં ઉપાસનાની અલૌકિક શક્તિ છે. આવી ઉપાસનાની શક્તિઓ વિષે સાંભવામાં તો ઘણુંખરું આવે છે, પણ એનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે અંતર ગદ્‌ગદ્ થઈને અનેરી પ્રતીતિ કરે છે, કે ઉપાસકો અને ઉપાસના જગતમાં હજુ જીવે છે ખરાં.

ગયા મે મહિનામાં મેં મારા ગીતાજીના નિબંધોની હસ્તપ્રતનું 'પૅડ' એક ભાઈ-શ્રી હરિભાઈ મારફત, જાણીતા પ્રકાશક વોરા કંપનીને છાપવા માટે આપેલું. લગભગ છ-સાત મહિના પછી તે પુસ્તક છાપવાની વાત નીકળી ત્યારે વોરા કંપની દ્વારા હરિભાઈને જણાવવામાં આવ્યું : 'હસ્તપ્રત નથી મળતી. તેની



તપાસ કરતાં છતાં તેનો પત્તો નથી લાગતો. સંભવ છે, એ હસ્તપ્રત તમે પાછી લઈ ગયા હો.'

હરિભાઈ તે હસ્તપ્રત પાછી નહોતા લઈ ગયા, એટલે તેની વધુ તપાસ કરવાની ભલામણ કરી. તો પણ એ તપાસનું કશું ધાર્યું પરિણામ આવ્યું નહિ. આમ છતાં એમને સ્વાભાવિક રીતે જ નિરાશા થઈ. એમણે મને બધી હકીકત લખી જણાવી એટલે તેના જવાબમાં મેં લખ્યું : 'ગીતાજીની હસ્તપ્રત 'વોરા કપંની'માં જ પડેલી છે અને મળશે પણ ખરી. માટે નિરાશ થયા વગર શોધ ચાલુ રાખજો.'

એવી જ સૂચના મેં, એ હસ્તપ્રતમાં રસ લેતા શ્રીહરગોવિંદભાઈ ભટ્ટને આપી. એમને ખબર પડી કે જે ઠેકાણે એ નોકરી કરતા હતા એ મકાનના ચોકીદારમાં એવી કોઈ વિલક્ષણ શક્તિ હતી, કે જેની મદદથી એ બીજાને ઉપયોગી બનતા અને તેના બદલામાં કશું જ લેતા નહિ. એમણે તે ચોકીદારનો સંપર્ક સાધ્યો તો ચોકીદારે પોતાની લાક્ષણિક રીતે આકાશ તરફ દૃષ્ટિપાત કરીને તરત જણાવ્યું : 'એ પુસ્તક ત્યાં વોરા કંપનીમાં જ પડેલું છે, ત્યાંથી મળશે. તપાસ કરો હું એને અહીંથી જોઈ શકું છું.'

પરંતુ વોરા કંપનીમાં ખૂબ ચીવટપૂર્વકની તપાસ કરવા છતાં ગીતાજીની એ હસ્તપ્રત મળી નહિ. એ જ અરસામાં મારે મુંબઈ જવાનું થયું. હરગોવિંદભાઈ તરફથી ચોકીદારને ફરીથી પૂછવામાં આવ્યું તો એમણે ઉત્તર આપ્યો : 'હસ્તપ્રતનું એ પૅડ ત્યાં જ-વોરા કંપનીમાં જ પડેલું છે. હું એને બરાબર જોઈ શકું છું. એનું પૂઠું આસમાની રંગનું તથા કદ થોડુંક જાડું ને મોટું છે. તમે નિરાશ થયા વગર, વધુ ચીવટપૂર્વક તપાસ કરશો તો એ પૅડ જરૂર મળશે.'

અને થોડીવારે ચોકીદારે કહ્યું : 'પછી મારે શ્રીયોગેશ્વરજીનાં દર્શને આવવું છે. એમનો મહિમા અપાર છે. એ ઘણા મહાપુરુષ

છે. એમણે ઈશ્વરને પોતાના હૃદયમાં ધારણ કરી રાખ્યા છે. એમનું સ્મરણ કરતાં જ મારા શરીરમાં ઝણઝણાટી પેદા થાય છે, ને મને પ્રેરણા મળે છે. એ રોજ સવારે ગ્રંથ લખે છે તે હવે અઢાર મહિના સુધી લખશે. તે પછી લખવાનું છોડી દેશે. એમના સંજોગો બદલાઈ જશે. અને પછી તો એમનાં દર્શન પણ દુર્લભ થશે.'

ચીવટપૂર્વક તપાસ કરવા છતાંય એ પુસ્તકની હસ્તપ્રત ન જ મળી એટલે એમને-ચોકીદારને-ત્રીજી વાર પૂછવામાં આવ્યું. એમની ઉત્તર આપવાની રીત ખૂબ વિલક્ષણ હતી. એ આકાશ તરફ જોઈને, લેશ પણ વિલંબ કર્યા વગર તરત જવાબ આપતા. પહેલાં એમણે તે હસ્તપ્રત વોરા કંપનીમાં ડાબા હાથ તરફ પડી છે એવું કહેલું તેને બદલે હવે જમણા હાથ તરફ પડી હોવાનું જણાવ્યું.

હરગોવિંદભાઈ હરિભાઈને લઈ વોરા કંપનીમાં તપાસ કરવા ગયા ત્યારે વોરા કંપનીના એક કર્મચારીએ માહિતી આપી : 'અમારે ત્યાં અમુક હસ્તપ્રતો ઉપરના ભાગમાં રાખવામાં આવે છે. એ ભાગમાં બરાબર તપાસ કરવાથી દશેક મિનિટમાં એ હસ્તપ્રતનું 'પૅડ' હાથ લાગ્યું ત્યારે બધાને આશ્ચર્ય અને આનંદનો અદ્‌ભુત અનુભવ થયો હતો.'

બે દિવસ પછી એ ચોકીદાર મને મળવા આવ્યા ત્યારે મેં એમની અસાધારણ; ઈશ્વરદત્ત શક્તિ માટે એમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં. એ વૃદ્ધ-ધર્માવલંબી હતા. એમની સરળતા તથા નમ્રતા અજોડ હતી. પોતાની આવી, અદ્‌ભુત ગણી શકાય તેવી, શક્તિનું જરા પણ અભિમાન નહોતું. મોહમયી મુંબઈનગરીમાં આવા મોહરહિત જીવનની પ્રીતિવાળા ઉપાસકોને ધન્ય છે !

—શ્રીયોગેશ્વરજી



# ॥ આશ્ચર્યકારક મજૂર ॥

કાલી કમલીવાળાની ધર્મશાળા બીજી બધી રીતે સારી અને સાનુકૂળ છે. પરંતુ ત્યાં મજૂરની મુશ્કેલી છે. ધર્મશાળા એક તરફ હોવાથી સામાનને લેનારા ને મેડા ઉપર ચઢાવનારા મજૂરો સહેલાઈથી નથી મળતા. કેટલીક વાર તો લાંબા વખત સુધી રાહ જોવી પડે છે. ઋષિકેશ આવી પહોંચ્યું એટલે મેં માતાજીને જણાવ્યું.

માતાજીએ મારા શબ્દોનું સમર્થન કર્યું. મેં કહ્યું : "તો પણ રહીશું તો આ વખતે પણ એ જ ધર્મશાળામાં. ઈશ્વર કૃપા કરીને કોઈને કોઈ મજૂરને મોકલી દેશે. આપણું કામ નહિ અટકે."

અમારી ટૅક્ષી ધર્મશાળાના દરવાજા આગળ આવીને ઊભી રહી અને અમે સામાનને નીચે ઉતારવા માંડ્યા કે તરત જ કોઈક સારા દેખાતા અપરિચિત પુરુષે અમારી પાસે આવીને પૂછ્યું : "સામાન ઉપાડવાનો છે ?"

"હા. ઉપાડવાનો છે."

"ક્યાં લઈ જવાનો છે ?"

"આ જ ધર્મશાળામાં ઉપર. સામાન તમે ઉપાડશો ?"

"હા. હું ઉપાડીશ."

એ પુરુષનો પ્રત્યુત્તર અમને કાંઈક આશ્ચર્યકારક એટલા માટે લાગ્યો કે એમનો દેખાવ સદ્‌ગૃહસ્થને છાજે તેવો હતો. એમનું શરીર ગૌર અને મુખમંડળ મધુર હતું. એમણે સ્વચ્છ વસ્ત્રો પહેરેલાં. એવો સુઘડ સ્વચ્છ મજૂર-જો એ મજૂર હોય તો-અમે કદી જોયેલો નહિ.

પરંતુ અમારા આશ્ચર્યની પરવા કર્યા વિના એ પુરુષે અમારો સામાન ઉપાડવા માંડ્યો.

સામાન ઉપરના ઓરડામાં પહોંચી ગયો એટલે મેં એમને

મજૂરી પેટે એક રૂપિયો આપવા માંડ્યો. એમણે એ લેવાની ના પાડીને કહ્યું : ''મારાથી એ રકમ ના લેવાય.''

''કેમ ?''

''મારી મહેનતના પ્રમાણમાં એ રકમ ઘણી વધારે છે.''

મને એ શબ્દો સાંભળીને નવાઈ લાગી. આવી રીતે સામેથી વગર માગ્યે મળતા પૈસા લેવાની ના પાડનારી વ્યક્તિ કાંઈ સામાન્ય તો ના જ હોય.

મેં કહ્યું : ''હું રાજીખુશીથી આપું છું.''

''તો પણ મારાથી ના લેવાય. હું અપરાધી થઉં. મને દોષ લાગે.''

મેં કેટલોય આગ્રહ કરી જોયો તો પણ એમણે ના માન્યું અને આખરે કહ્યું : ''મારી મજૂરી બે આનાથી વધારે નથી. મને સેવા કર્યાનો સંતોષ છે. છતાં પણ તમારી ઇચ્છા હોય તો એટલી રકમ આપી શકો છો.''

''તમે અહીં જ રહો છો ?''

''ના. રાજસ્થાનનો નિવાસી છું.''

''તો પછી અહીં કેવી રીતે આવ્યા ?''

''યાત્રાએ નીકળ્યો છું. હાલ ગઈકાલે જ બદરીનાથથી જ આવ્યો છું.''

''બદરીનાથથી ? અને ગઈ કાલે જ આવ્યા છો ?''

''હા.''

''તો તો તમે મજૂર નથી. યાત્રી છો.''

''યાત્રી છું એ સાચું પરંતુ કામ કરી શકું છું. તમને જોઈને મને તમારી સેવા કરવાનું મન થયું એટલે મેં મારી ભાવનાને પૂરી કરી. મારું જ્યારે પણ કામ પડે ત્યારે મને બોલાવજો. તમારી સેવામાં હાજર થઈશ. તમારા જેવા સત્પુરુષની સેવાનું સદ્ભાગ્ય ક્યાંથી ?''

''પરંતુ તમે અહીં થોડા જ રહેવાના છો ?''



''રહું પણ ખરો અને જઉં પણ.''

એમની વિદાય પછી અમે એમને ઋષિકેશમાં જોયા જ નહિ. એમની સુખદ સ્મૃતિ જ શેષ રહી. એ સ્મૃતિ પ્રેરક હતી. મજૂર બનીને એમના રૂપમાં એક સહૃદયી સહાનુભૂતિસંપન્ન સજ્જન આવ્યા, સિદ્ધપુરુષ પધાર્યા, કે પરમકૃપાળુ પ્રેમસિંધુ પરમાત્મા પોતે પ્રકટ થયા, તે કોણ કહી શકે ? એ અનુમાનનો વિષય છે. કોઈપણ પ્રકારના પૂર્વ પરિચય વિના એ પુરુષે પ્રદર્શાવેલા પ્રેમને યાદ કરીને ભક્તકવિ સુરદાસની પેલી પંક્તિઓનું સ્મરણ થાય છે :

''રાજસૂયજ્ઞ યુધિષ્ઠિર કીનો તામેં જૂઠ ઉઠાઈ;
પ્રેમકે બસ નૃપસેવા કીનહી, આપ બને હરિ નાઈ.
સબસે ઊંચી પ્રેમ સગાઈ.''

જે હરિ 'નાઈ' બની શકે તે મજૂરનો સ્વાંગ ધારે કે કોઈને મજૂરનું કાર્ય કરવા પ્રેરિત કરે તો એમાં શું આશ્ચર્ય છે ? એમાં અશક્ય જેવું અથવા ના માનવા જેવું પણ શું છે ?

ઈ.સ.૧૯૭૧ ની ૩૦મી ઑક્ટોબરનો એ પાવન પ્રસંગ આજે પણ તાજો છે. કાયમને કાજે તાજો રહેવા સરજાયેલો છે.

*

**—શ્રીયોગેશ્વરજી**

## ॥ દરજીની પ્રામાણિકતા ॥

શું માનવતા રસાતલમાં જવા બેઠી છે ? રસાતલમાં જતી રહી છે ? આગલે દિવસે જ કોઈએ એના સમર્થનમાં દલીલો કરતાં કહેલું કે માનવતા મરી પરવારી છે. પરંતુ એવું નથી લાગતું. એટલી બધી નિરાશાજનક વાત કરવાનું મન નથી થતું. જીવનમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં માનવતાનો હ્રાસ થતો જતો હશે તે ભલે, પરંતુ એનો સર્વનાશ નથી થયો. ચારે તરફ મોટા પ્રમાણમાં અંધકારના ઓળાઓ ઉતર્યા હશે એ બનવાજોગ છે. તો પણ અંધકારનાં એ

ગાઢ આવરણોની વચ્ચે એમના પ્રાણને પ્રકાશિત કરવાનો પ્રામાણિકપણે પ્રયાસ કરતા પ્રદીપો પણ પ્રકાશે છે. આકાશના તારાઓની પેઠે એ પણ ટમકે છે એની ના નહિ. આજુબાજુના દુર્ગંધયુક્ત વાતાવરણમાં એવાં અલ્પસંખ્યક પુષ્પો પણ પ્રકટે છે જે પોતાની સુવાસથી સઘળે સંજીવન ભરે છે. ચારે તરફ રેતાળ રણ છે. વૃક્ષોનું નામનિશાન નથી. જળાશય નથી. શીળી છાંય નથી. તો પણ ક્યાંક ક્યાંક વનસ્થલી છે. મીઠી વીરડી અને શીળી છાંયડી છે. એનો ઈન્કાર નથી થઈ શકે તેમ. એને લીધે જ જગત જીવવા જેવું લાગે છે, રસાળ ભાસે છે, અને શ્વાસ લે છે. એટલે માનવતા મરી પરવારી નથી. એનું પ્રમાણ ઓછું થયું હશે ને થતું જતું હશે તે ભલે, પરંતુ એનો મઘમઘાટ સંપૂર્ણપણે શાંત નથી થયો. એનો સૂર્ય આથમી નથી ગયો. માનવનું દિલ દાનવતાથી દૂષિત નથી થયું. દેવત્વથી દીપ્તિમાન પણ છે. એ હકીકતની પ્રતીતિ કરાવતા પ્રસંગો આજે પણ બને છે. અહીં જેનો ઉલ્લેખ કરી રહ્યો છું તે સિંધી દરજીનો એવો જ પુણ્ય પ્રસંગ છે.

આજથી પાંચેક વરસ પહેલાં મારા રોજના નિયમ પ્રમાણે હિમાલયના મસૂરી નગરના નિવાસસ્થાનમાં મારું લેખનકાર્ય ચાલી રહેલું. મારું સમગ્ર ધ્યાન એમાં કેન્દ્રિત થયેલું. સવારનો શાંત સમય હતો. ત્યારે કોઈએ ઓરડામાં એકાએક પ્રવેશ કર્યો. આગંતુક પુરુષને હું ઓળખતો ન હતો એટલે મેં એમના તરફ જિજ્ઞાસાપૂર્વક જોયું તો એમણે મને પૂછ્યું : 'માતાજી નથી ?'

'કેમ ? એ બહાર ગયાં છે. તમારે કાંઈ કામ છે ?'

'કામ તો છેક સાધારણ છે.'

'તમે કયાં રહો છો ને શું કરો છો ?'

'કુલડી બજારમાં રહું છું ને દરજીકામ કરું છું.'

'દરજીકામ કરો છો ?'

'હા. માતાજી મને એમનો સાલ્લો છેડા ઓટાવવા માટે



આપી ગયેલાં. એ સાલ્લાને મેં ઓટવા માટે ઉકેલ્યો તો એની અંદરથી થોડીક નોટો નીકળી.'

'નોટો નીકળી ?'

'હા. રૂપિયાની નોટો નીકળી. તે લઈને હું આપવા માટે આવ્યો છું. હું તો જાતમહેનત કરનાર એક સામાન્ય દરજી છું. મને ઈશ્વર આજીવિકા જેટલું આપી રહે છે. મારે પરધન ના જોઈએ. દરજી તરીકેના જીવન દરમિયાન મને આવા અનુભવો અવારનવાર થયા કરે છે. કપડામાં રહી ગયેલી નાની મોટી રકમ કેટલીકવાર મારા હાથમાં આવી જાય છે. એ રકમ એના માલિકને સુપ્રત કરું છું. ત્યારે જ મને શાંતિ વળે છે.'

એમણે સાલ્લામાંથી મળેલી ત્રણસો રૂપિયા જેટલી રકમ મને સુપ્રત કરી.

એ નાનકડા છતાં પણ મોટા મનના દરજીની વાત સાંભળીને મને આનંદ થયો. એમના પ્રત્યે આદરભાવ જાગ્યો. મેં એમની પ્રામાણિકતા જોઈને એમને પુરસ્કાર આપવાનો વિચાર રજૂ કર્યો તો એમણે હાથ જોડીને જણાવ્યું : 'મેં તો માનવી તરીકેનું મારું સામાન્ય કર્તવ્ય જ બજાવ્યું છે. એના બદલામાં જે આત્મસંતોષ મળે છે એ જ સાચો પુરસ્કાર છે. બીજો કોઈ સ્થૂળ પુરસ્કાર ના લેવાનો હોય. મને આશીર્વાદ આપો કે મારી બુદ્ધિ બગડે નહિ. આર્થિક રીતે હું મારી પત્ની ને મારા પુત્રો સાથે સુખી છું. પાકિસ્તાનની સ્થાપના પછી અમે અહીં આવીને કાયમી વસવાટ કર્યો છે. બધાં સાથે મળીને કામ કરીએ છીએ. દાળરોટલો મળી રહે છે એનો આનંદ છે. છેવટ સુધી મહેનત કરીને જીવીએ, કુકર્મ ના કરીએ, અને અનીતિનું કમાવાની ઈચ્છા ના રાખીએ એ જ ભાવના છે.'

'તમારી ભાવના ખરેખર ને ખૂબ જ ઊંચી છે.'

'છોકરાઓને પણ કહું છું કે ભલે નાના મકાનમાં રહેવું પડે, નોકરચાકર કે મોટર ના થાય પરંતુ નીતિ કે માણસાઈને ના

ચૂકશો. માણસાઈ ગઈ તો બધું જ જતું રહ્યું એવું સમજી લેજો. ઈશ્વરની કૃપાથી છોકરાઓ પણ સારા છે.'

થોડાક વખત પછી એમણે કહ્યું : 'સાંભળ્યું તો છે કે તમારાં પ્રવચનો અહીં રોજ ચાલે છે. લોકો વખાણ પણ કરે છે. પરંતુ મારાથી નથી આવી શકાતું. મારી બુદ્ધિ કાચી છે. સાંભળી સાંભળીને આચરણમાં ના ઉતારું તો શું કામનું ? દરજીકામ કરતા ઈશ્વરનું નામ લેતો રહું છું એથી મને શાંતિ મળે છે.'

'તમે જે કરો છો તે બરાબર છે.'

એ ચાલી નીકળ્યા ત્યારે મને થયું કે આવી પ્રામાણિક્તા અને સદ્ભાવના સૌમાં ફેલાવા માંડે તો ? સમાજનું સ્વરૂપ કેટલું બધું સુધરી જાય ?

કુલડી બજારના એ દરજી આજે પણ એવા જ પ્રામાણિકતાપૂર્વક પોતાની નાનકડી દુકાનમાં કર્માનુષ્ઠાન કરી રહ્યા છે.

*

—શ્રીયોગેશ્વરજી

## ॥ દીપક ॥

મસૂરીમાં કુલડી બજારથી લાયબ્રેરી બજારના માર્ગે આગળ વધતાં રસ્તામાં 'રોપ વે' આવે છે. એની પાસે જ ઝૂલા છે. સૌથી પહેલાં એની પાસેની સડક પર મેં એ કિશોરને ઊભેલો જોયો. એના ખભા પર થેલી લટકાવેલી અને હાથમાં મકાઈની ધાણી જેવી ખાસ બનાવટ 'પોપ કૉર્ન'નાં પૅકેટો. એનાં વસ્ત્રો સાધારણ હતાં. એને એ અવસ્થામાં જોઈને મને કાંઈક કુતૂહલ થવાથી મેં એની પાસે ઊભા રહીને એને પૂછ્યું : 'પોપ કોર્ન વેચવાનું શરુ કર્યું છે ?'

એણે સહેજ સંકોચ છતાં સ્વસ્થતાપૂર્વક કહ્યું : 'હા.'

'ભણવામાં મન નથી લાગતું ?'

'લાગે છે. સ્કૂલમાં જઉં છું. બાકીના થોડાક સમય દરમિયાન આવું કામ પણ કરું છું.'



'માલ કયાંથી લાવે છે ?'

'મોટા દુકાનદારો પાસેથી લાવું છું. મને એમાં થોડું કમીશન મળી જાય છે.'

'કેટલું ?'

'એક પાકીટ પર લગભગ વીસ પૈસા.'

'વેચાણ સારી રીતે થઈ જાય છે ?'

'થઈ જાય છે. કોઈવાર વધારે થાય છે તો કોઈવાર ઓછું.'

'રોજનો આશરે કેટલો નફો મળે છે ?'

'ચારથી પાંચ રૂપિયા.'

'અત્યારથી આવું કામ કરવાનું કારણ ?'

'પિતાજીનો સ્વર્ગવાસ થયો છે. ઘરમાં માતા અને નાનાં ભાઈબેન છે. માતા બને તેટલી મહેનત કરે છે. પરંતુ એટલાથી બધાનું ગુજરાન કેવી રીતે ચાલે ? એટલે સ્કૂલમાંથી છૂટ્યા પછી હું પણ મારાથી બનતા પ્રમાણમાં આવી રીતે મદદ કરાવતો રહું છું. બીજાની પાસે ભીખ માગવાનું સારું નથી. અને માગેલું પહોંચે પણ કયાં સુધી ? કામ કરવામાં કાંઈ નાનમ છે ?'

એની વાણીમાં નિખાલસતા હતી. એ વાણીને સાંભળીને મને આનંદ થયો. એનું અંતર ઉદાત્ત લાગ્યું. મેં કહ્યું : 'કામ કરવામાં નાનમ શાની ? નાનમ તો કેવળ કુકર્મ કરવામાં છે. તારા વિચારો ને તારું કામ જોઈને મને ખરેખર આનંદ થાય છે.'

એ કિશોરને એવી રીતે 'પોપ કોર્ન' વેચતાં હું કેટલીય વાર જોતો અને પ્રત્યેક વખતે આનંદાનુભવ કરતો. મને થતું કે આટલી નાની ઉંમરમાં જ આવા સુંદર સેવાસભર ભાવો કે વિચારોને સેવનાર આ કિશોર આગળ પર કેવો થશે ?

એ નાનકડા કિશોરને એક વાર મેં ફીની કે બીજી મદદ કરવાનો વિચાર કર્યો. એણે માતાને પૂછી જોવા જણાવ્યું. બે ત્રણ

દિવસ પછી માર્ગમાં મેળાપ થતાં એણે મારા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવા માંડ્યું : 'માતાને પૂછી જોયું પણ એ મદદ લેવાની ના કહે છે. અમારું જીવન તો ઈશ્વરકૃપાથી જેમ તેમ કરીને ચાલે છે, પરંતુ બીજાં એવાં પણ હશે જેમની મુશ્કેલીનો પાર નહિ હોય. એમને મદદ કરી શકો છો. બાકી મારી માતા એવી રીતે મદદ મેળવવાની વિરુદ્ધ છે. એ કહે છે કે એથી વૃત્તિ બગડે છે.'

બીજી વાર કોઈ સદ્‌ગૃહસ્થે એને કામળો આપવાની ઇચ્છા બતાવી ત્યારે પણ એણે ના પાડી. 'એવી રીતે લેતો રહીશ તો લેતા રહેવાની ટેવ પડશે. કામ કરવાનું મન નહિ થાય. એટલા માટે ના લઉં એ જ સારું છે.' એવી એની ભાવના હતી. એ ભાવના ઉત્તમ અને આવકારદાયક નહોતી એવું કોણ કહી શકે ?

એ કિશોરની પ્રવૃત્તિ આજે પણ ચાલી રહી છે. એનું જીવન એક શક્તિશાળી સ્ફુલિંગ જેવું છે. એની અંદરથી જ્વાળા જાગવાની શક્યતા છે. એક એવા અસાધારણ બીજ જેવું છે જેમાં સુંદર સૃષ્ટિ સમાયેલી છે. આપણે કહીએ છીએ કે આપણે ત્યાં વસતિ વધે છે પરંતુ 'માનવો' ઘટતા જાય છે. એવી પરિસ્થિતિમાં આપણા સમાજના સુખદ સમૃદ્ધ ભાવિ માટે આવા કિશોરો આશાજનક છે. એમની સંખ્યા વધતી જશે તો અવનીને માટે આશીર્વાદરૂપ થશે. દિવ્યતાના એવા દીપકોને ઈશ્વર અમર અને અખંડ રાખો !

*

**—શ્રીયોગેશ્વરજી**

## ॥ ભૂષણજી ॥

પંડિત મુન્નાલાલ ભૂષણ. કાનપુરના પ્રખ્યાત ઍડવોકેટ. છેલ્લા બેત્રણ વરસથી એમનો એકધારો આગ્રહ હતો કે મારે કાનપુરમાં એમના અતિથિ બનવું અને ત્યાંની સત્સંગપ્રેમી પ્રજાને સત્સંગનો લાભ આપવો. એમના એ આગ્રહને અનુસરીને અમે



ઈ.સ.૧૯૭૨માં કાનપુરની પહેલવહેલી મુલાકાત લીધી.

કાનપુર શહેર અમને એકંદરે ખૂબ જ સુંદર અને આકર્ષક લાગ્યું. ત્યાંના પ્રવચનોના પૂર્વયોજિત કાર્યક્રમ દરમિયાન કેટલાય અવનવા અનોખા પુરુષોનો પરિચય થયો. એ પરિચય આહ્‌લાદક અને યાદગાર હતો. પરંતુ સૌથી યાદગાર સવિશેષ આહ્‌લાદક પરિચય તો પંડિત શ્રી મુન્નાલાલ ભૂષણનો પોતાનો થયો. એ પરિચયની આછીપાતળી રૂપરેખાને દોરી બતાવવાનું કાર્ય ઓછું આહ્‌લાદક કે પ્રેરક નહિ થાય.

આપણે ત્યાં મોટા ભાગના માનવોની માન્યતા છે કે શ્રેય તથા પ્રેયને કદાપિ બને નહિ અને જેણે આત્મવિકાસની સાધના કરવી હોય એણે સાંસારિક પ્રવૃત્તિઓને પરિત્યાગીને સ્નેહીજનોનો સંબંધ વિચ્છેદ કરીને એકાંત અરણ્યમાં વસવું જોઈએ. ઘર તો દૂર છે. એમાં રહીને કશું બની શકે નહિ, આત્મિક ઉન્નતિ અને સાંસારિક સુખાકારી તથા સમુત્કર્ષ એ બંનેનો સમન્વય કદી પણ ના કરી શકાય. કાં તો આત્મિક ઉન્નતિને અપનાવો ક્યાં તો પછી ભૌતિક પ્રવૃત્તિના પથ પર પ્રયાણ કરો. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. એવા માનવો સત્પુરુષોની શોધ કરવા માટે એકાંત અરણ્યોમાં ફરે છે અને સાધકોને વસતિની બહાર વિજનમાં પર્વત કે સરિતાતટવર્તી શાંત પ્રદેશમાં શોધવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસ કોઈકવાર સફળ પણ થાય છે. તો પણ એનો અર્થ એવો નથી કે સાચા સાધકો કે સત્પુરુષો વસતિની વચ્ચે નથી વસતા, વનમાં જ વસે છે, અને સાંસારિક સુખાકારી, સમુન્નતિ કે સ્વજનોનો ત્યાગ કરે છે. કેટલીકવાર એ આપણી આજુબાજુ જ વસતા તથા વિચરતા હોય છે, નોકરી કે ધંધો કરતા હોય છે, અને ગૃહસ્થી તરીકેનું જીવન જીવતાં સ્ત્રી-સંતાન-પરિવાર સાથે રહીને, પ્રલોભનો ભયસ્થાનો, વિઘ્નો તથા વિષમતાની વચ્ચેથી માર્ગ કાઢતાં શ્રદ્ધા, ભક્તિ, ધીરજ અને હિંમતપૂર્વક આત્મોન્નતિના મંગલ માર્ગે આગળ વધતા હોય છે. એવા સાધકોનાં જીવન,

સંસારના વિરોધાભાસી વાતાવરણમાં વસીને આત્મોન્નતિની આશીર્વાદરૂપ સુખદ સાધના સ્વપ્ને પણ ના થઈ શકે એવી નિરાશાવાણી બોલનારા માનવોને માટે, અવનવી આશાશ્રદ્ધાનો સંચાર કરનારા, પથપ્રદર્શક અને પ્રેરક થઈ પડે છે. એ દૃષ્ટિએ મનનીય છે. ભૂષણજી પ્રેયની વચ્ચે વસીને શ્રેયના મંગલમય માર્ગે આગળ વધનારા જીવનસાધક હોવાથી એમના જેવા બીજા જીવનસાધકોને માટે પ્રેરણાસ્પદ હતા.

કોઈ કહેશે કે ભૂષણજી ઍડવોકેટ એટલે વકીલાત કરતા હશે. અસીલોના કેસોમાં ઊભા રહેતા હશે. તો પછી સાધક કેવી રીતે કોઈ શકે ? વકીલ તો સાચાનું ખોટું ને ખોટાનું સાચું કરવાની કોશિશ કરે છે. એને માટે જ દલીલો કરે છે. એ જાણે છે કે આ સાચું છે અને આ ખોટું છે તો પણ પોતાની બધી જ બુદ્ધિ એને અન્યથા કરવા માટે કામમાં લે છે. વકીલનો ધંધો એવી રીતે એટલો બધો સારો નથી ગણાતો. ભૂષણજી એવા ધંધામાં રહીને સાધક તરીકેનું જીવન જીવી શકે છે ? જીવી શકે છે તો કેવી રીતે ? અમને તો એવું જીવન એકદમ અશક્ય લાગે છે.

બરાબર છે. એવી શંકા છેક જ સ્વાભાવિક છે. છતાં પણ ભૂષણજી સાધકનું જીવન જીવે છે એ પણ બરાબર છે. એમની દિનચર્યાને જોવાથી એની પ્રતીતિ થાય છે. ભૂષણજી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જાય છે. સવારે ચારેક વાગે ઊઠીને પ્રાર્થના તથા ધ્યાનાદિ કરે છે. પાછળથી થોડોક વ્યાયામ પણ કરી લે છે. છ વાગ્યાની આસપાસ ફરવા નીકળે છે. ત્યાંથી પાછા ફરીને માલીશ તથા સ્નાનાદિથી પરવારીને સંધ્યા કરીને પૂજાના ઓરડામાં પ્રવેશે છે. ત્યાં રોજ નિયમપૂર્વક જપ તથા રામાયણપાઠ કરીને સાડા નવે લગભગ નીચે આવે છે. એ પછી હોમ કરી, અગ્નિદેવને ભોજન સમર્પી, જમવા બેસે છે. પછી કૉર્ટમાં જાય છે. કૉર્ટથી સાંજે પાછા ફરીને સંધ્યાદિ કરે છે. રાતે એમને ત્યાં એમના એક નિવૃત્ત ન્યાયાધીશ મિત્ર આવે છે.



એમની સાથે બીજા સત્સંગીભાઈઓ સાથે બેસીને શ્રીમદ્ ભગવદ્‌ગીતા જેવા સુંદર ધર્મગ્રંથોનો સત્સંગ કરે છે. એ પછી હવનવિધિને પતાવી, જમી, પ્રાર્થના કરી સૂઈ જાય છે. દિવસ દરમિયાન વચ્ચે વચ્ચે વખત કાઢીને સુંદર પ્રેરક સદ્‌ગ્રંથોનો સ્વાધ્યાય પણ કરતા રહે છે. એ દિનચર્યા એક વકીલ કે સંસારી વ્યક્તિ કરતાં સાધકની જ વધારે છે.

વકીલ સાધક બની જ ના શકે અને આત્મવિકાસની સાધના કરી જ ના શકે એવું માનવું ખોટું છે. વકીલ, દાકતર, વૈદ, વેપારી, ઈજનેર, ખેડૂત, મજૂર, માલિક, સૈનિક શિક્ષક, કોઈપણ સાધના કરી શકે છે. ફક્ત એને માટેની રુચિ, લગન, ઉત્કટ ઈચ્છા તથા પુરુષાર્થપરતા જોઈએ. વકીલનો વ્યવસાય સાચાનું ખોટું ને ખોટાનું સાચું કરવાનો વિકૃત વ્યવસાય છે એવું પણ નથી સમજવાનું. એ તો સત્યની સમ્યક્ સ્થાપનાનો અને અસત્યને ઉઘાડું પાડવા માટેની પ્રામાણિક પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિમાં પ્રામાણિક રહીને સત્યની, પ્રામાણિકની ને નિર્દોષની સેવા કરી શકાય છે ને કરાવી જોઈએ. એમાં કેવળ ધન તરફ દ્રષ્ટિ રાખવી ના જોઈએ. પરંતુ નીતિમત્તા, ન્યાય અને માનવતાને પણ મહત્ત્વ અપાવું જોઈએ. એવી રીતે એ એક પવિત્ર, પરોપકારી, પ્રગતિકારક, પ્રવૃત્તિ બની જશે અને અભિશાપરૂપ બનવાને બદલે આશીર્વાદરૂપ થશે. વકીલોએ અને અન્ય જનોએ એના પ્રત્યેના અભિગમને બદલવાની આવશ્યકતા છે.

મેં એકવાર ભૂષણજીને પૂછ્યું : વકીલ તરીકેનો વ્યવસાય તમારા સાધનાત્મક જીવનની વચ્ચે નથી આવતો ?

ના. આખો વખત એકાંતિક સાધના કરવાની શક્તિ તો મારામાં છે નહિ : આજીવિકા માટે એ વ્યવસાય આવશ્યક છે. એથી મારા સાધનાત્મક જીવનમાં વિરોધ નથી પેદા થતો.

તમારે કૉર્ટમાં જૂઠું બોલવું નથી પડતું ?

ના.

બને નહિ,

છતાં પણ બને છે. શરૂઆતમાં સાચાખોટાનો આધાર લેવો પડતો પણ હવે નથી લેવો પડતો.

કારણ ?

હવે હું એવા જ કેસને હાથમાં લઉં છું જેમની યથાર્થતા કે નિર્દોષતામાં મને વિશ્વાસ હોય. સત્ય કે પ્રામાણિક પક્ષને સહન કરવું પડ્યું હોય કે અન્યાય થયો હોય ત્યારે મારી બુદ્ધિને કામે લગાડીને એક કર્તવ્યનિષ્ઠ માનવ તરીકે એને બનતી બધી જ મદદ કરું છું. પરંતુ અસત્યને સત્યના સ્વાંગમાં રજૂ નથી કરતો. અપરાધીને નિરપરાધી ઠસાવવાની પ્રવૃત્તિ મારાથી નથી કરી શકાતી. નિર્દોષ માર્યો જતો હોય તો એને બચાવવા તૈયાર થાઉં છું પરંતુ દોષિતને બચાવવાનો પ્રયત્ન નથી કરતો. એને સાફ શબ્દોમાં સંભળાવી દઉં છું કે મારાથી ખોટી વાતને સાચી નહિ કરી શકાય. કેસ નહિ લડાય. કેસ કોઈક બીજા વકીલને સોંપો.

તો પછી તમારું કામ ચાલે છે ખરું ?

સારી રીતે ચાલે છે. સારા ને સાચા વકીલ તરીકે મારી શાખ બંધાઈ ગઈ છે. કોર્ટમાં હાજર થઉં છું એટલે જજ જાણે છે કે મારો કેસ સાચો જ હશે. ચુકાદો ભાગ્યે જ મારી વિરુદ્ધમાં આવે છે. મારું કામ કદી પણ નથી અટકતું. બીજા વકીલો કરતાં મારી ફી પણ વધારે હોય છે. એટલે જેમને ખાસ આવશ્યકતા હોય છે એ જ મારી પાસે આવતા હોય છે. ઈશ્વર મને મારા પરિશ્રમના પ્રમાણમાં પૂરતું આપી રહે છે, એટલે આર્થિક ચિંતા મને લેશપણ નથી સતાવતી.

તમારી વાત ખૂબ જ વિલક્ષણ છે.

ભૂષણજી થોડીવાર શાંતિ રાખીને આગળ બોલ્યા : મારું મન મોટે ભાગે સંતપુરુષોની સંનિધિમાં અને ઈશ્વરની ઉપાસનામાં રહે છે. એટલે વરસમાં એકાદ બે વાર વખત કાઢીને હું કોઈક શાંત તીર્થસ્થળમાં, વૃંદાવન-હરિદ્વાર-ઋષિકેશ-



મસૂરીમાં, થોડાક દિવસ રહેવા માટે જતો રહું છું. ત્યાં બને તેટલી વધારે સાધના કરું છું. મારા જીવનનો મૂળભૂત અંતિમ આદર્શ તો એ જ છે. પરમાત્માના સાક્ષાત્કારનો. એનું સ્મરણ મને નિરંતર રહ્યા કરે છે.

મેં કહ્યું : તમારી એવી પ્રવૃત્તિ તથા વિચારધારા પરથી તમારી અસાધારણ સંસ્કારિતાનો ખ્યાલ આવે છે. તમારા અંતરાત્માની ઉદાત્તતાનું પણ એમાં દર્શન થાય છે. તમારા જીવનનો આદર્શ ઘણો ઊંચો છે.

એમણે જણાવ્યું : એ આદર્શની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ પણ ખૂબ જ પ્રખર હોવો જોઈએ એ જાણું છું. એટલા માટે તો મેં વકીલ તરીકેના વ્યવસાયને છોડી દેવાનો સંકલ્પ કર્યો છે.

વ્યવસાયને છોડી દેવાનો ?

હા. અને સમગ્ર ધ્યાન સાધનામાં લગાડવાનો. ત્યારે જ વહેલી તકે સાધનાની સિદ્ધિ સાંપડી શકશે. મારો વિચાર ત્રણ ચાર વરસ પછી જાહેર જીવનમાંથી નિવૃત્ત થઈને કાનપુર, હરિદ્વાર કે વૃંદાવનના કોઈક શાંત એકાંત સ્થળમાં રહેવાનો છે. આશીર્વાદ આપો કે મારી એ ભાવના પૂરી થાય.

એમની ભાવનાને જોઈને મને આનંદ થયો.

ધાર્યું ધરણીધરનું થાય છે એ નિયમને અનુસરીને બીજે જ વરસે ભૂષણજીના યુવાન વકીલપુત્રનો એકાએક સ્વર્ગવાસ થયો. એમના માથે જાણે કે વીજળી તૂટી પડી. એ આઘાતને એમણે ખૂબ જ સ્વસ્થતાપૂર્વક શાંતિથી સહન કર્યો.

આજે પણ એમની સાધના અબાધિત રીતે ચાલ્યા કરે છે. વકીલોને જ નહિ. બીજા બધાને એ પ્રેરણા પાય છે.

**—શ્રીયોગેશ્વરજી**